અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ ઓક્ટોબર ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૮ | અંક : ૧૦૫ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886




# લાલુ-તેજસ્વી અને રાબડી દેવી સામે કલમ ૪૨૦ હેઠળ આરોપો ઘડાયા

## લાલુ યાદવ પર આરોપ છે કે તેમણે બે આઈઆરસીટીસી હોટલ, બીએનઆર રાંચી-બીએનઆર પુરીના જાળવણીના કોન્ટ્રાક્ટ ગેરકાયદે રીતે આપ્યા હતા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૩ ।

બિહારમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે IRCTC કૌભાંડ કેસમાં લાલુ પરિવારની મુશ્કેલી વધી છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ અને બિહારમાં નેતા વિપક્ષ તેજસ્વી યાદવ સહિત બધા આરોપીઓ વિરુદ્ધ આરોપ નક્કી કરવામાં આવ્યા છે એટલે કે હવે આ લોકો વિરુદ્ધ આ મામલામાં કેસ ચાલશે.

જે કલમો હેઠળ આરોપ નક્કી કરવામાં આવ્યા છે, તેમાં IPC 420, IPC 120B, પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ 13(2) અને 13 (1)(d) સામેલ છે. મહત્વનું છે કે પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ 13(2) અને 13 (1)(d) માત્ર લાલુ પ્રસાદ યાદવ પર લાગી છે.

કોર્ટે લાલુ યાદવને પૂછ્યું કે શું તમે તમારો અપરાધ માનો છો તો લાલુ યાદવ સહિત રાબડી અને તેજસ્વીએ પોતાનો અપરાધ માનવાથી ઈનકાર કરી



દીધો. લાલુ પરિવારે કોર્ટમાં કહ્યું કે તે કેસનો સામનો કરશે. તો રાબડી યાદવે કહ્યું કે આ ખોટો કેસ છે.

કોર્ટ પ્રમાણે લાલુ યાદવની જાણકારીમાં આ કૌભાંડનું ષડયંત્ર રચવામાં આવ્યું. કોર્ટે કહ્યું કે આ મામલામાં આરોપી વ્યાપક ષડયંત્રમાં સામેલ હતા. લાલુ પરિવારને આ મામલામાં ફાયદો પહોંચ્યો. કોન્ટ્રાક્ટ આપવાના બદલે રાબડી અને તેજસ્વીને ખુબ ઓછી કિંમત પર જમીન મળી. આ મામલામાં quid pro નો આરોપ આ સ્ટેજ પર જોવા મળી રહ્યો નથી. RJD સુપ્રીમો લાલુ યાદવ કોર્ટમાં હાજર થવા માટે વ્હીલચેરમાં પહોંચ્યા. તેમની સાથે રાબડી દેવી, તેજસ્વી યાદવ અને પ્રેમચંદ ગુપ્તા પણ હતા. તેઓ રવિવારે (૧૨ ઓક્ટોબર) કોર્ટમાં હાજર થવા માટે દિલ્હી પહોંચ્યા. લાલુ અને તેજસ્વી યાદવ દિલ્હીમાં મીસા ભારતીના પાંડારા પાર્ક નિવાસસ્થાને રોકાયા છે.

ઝૈંએ તેની ચાર્જશીટમાં આરોપ લગાવ્યો છે કે ૨૦૦૪ થી ૨૦૧૪ ની વચ્ચે, એક ષડયંત્રના ભાગ રૂપે, પુરી અને રાંચીમાં ભારતીય રેલવેની મ્હ્રઈ હોટલોને પહેલાં ઈઝ્રઝ્ર ને ટ્રાન્સફર કરવામાં આવી હતી અને બાદમાં બિહાર સ્થિત સુજાતા હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડને સંચાલન અને જાળવણી માટે લીઝ પર આપવામાં આવી હતી. એજન્સીએ આરોપ લગાવ્યો હતો કે ટેન્ડર પ્રક્રિયામાં ગોટાળા અને છેડછાડ કરવામાં આવી હતી, અને શરતોમાં પણ ફેરફાર કરીને સુજાતા હોટેલ્સની તરફેણ કરવામાં આવી હતી. આ ચાર્જશીટમાં ઈઝ્રઝ્રના તત્કાલીન જનરલ મેનેજરો વીકે અસ્થાના અને આરકે ગોયલ ઉપરાંત, સુજાતા હોટેલ્સના ડિરેક્ટર, ચાણક્ય હોટેલના માલિક વિજય કોચર અને વિનય કોચરના નામનો પણ ઉલ્લેખ છે.

આ કૌભાંડ પણ લાલુ પ્રસાદ યાદવના રેલવે મંત્રી તરીકેના કાર્યકાળ (૨૦૦૪-૨૦૦૯) સાથે સંબંધિત છે. મુખ્ય આરોપ એ છે કે રેલવેના બે હોટલો (બિહારના રાંચી અને પુરી) ના મેન્ટેનન્સ અને સંચાલનનો ટેન્ડર ખાનગી કંપનીઓને આપવા બદલ ગેરરીતિઓ આચરવામાં આવી હતી. કથિત રીતે, ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યા હતા જેથી એક ચોક્કસ ખાનગી કંપનીને ફાયદો થાય. આના બદલામાં, લાલુ યાદવના પરિવારને જમીન અથવા અન્ય આર્થિક લાભોના રૂપમાં લાંચ મળી હતી. ઝૈંએ આ મામલે લાલુ પ્રસાદ યાદવ, તેમની પત્ની રાબડી દેવી અને પુત્ર તેજસ્વી યાદવ સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને ગુનાહિત કાવતરાના આરોપો હેઠળ ચાર્જશીટ દાખલ કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### ટ્રમ્પના કામથી ઈઝરાયલ ખુશ, સંસદમાં આપ્યું સર્વોચ્ચ સન્માન

। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૩ ।

હમાસ પાસેથી ઈઝરાયલી બંધકોને મુક્ત કરાવવામાં મોટું યોગદાન આપનાર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ઈઝરાયલમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું છે. ઈઝરાયલના સંસદમાં પહોંચેલા ટ્રમ્પનું તાળીઓના ગડગડાટથી સ્વાગત કરાયું છે. આ ઉપરાંત ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ ટ્રમ્પને શાંતિ પુરસ્કાર પણ આપ્યો છે. જ્યારે ટ્રમ્પ સંસદ પહોંચ્યા હતા, ત્યારે સાંસદોએ તેમને અઢી મિનિટનું સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.

ઈઝરાયલી સંસદમાં ટ્રમ્પની સાથે નેતન્યાહૂ પણ હાજર હતા. આ દરમિયાન સાંસદોએ નેતન્યાહૂ માટે પણ ખૂબ તાળીઓ વગાડી હતી. ટ્રમ્પના સંબોધન પહેલા નેસેજના સ્પીકર ઓહાનાએ લાંબો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેમાં ગાઝા યુદ્ધવિરામ કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ટ્રમ્પની ટીમના સભ્યોને પણ સાંસદોએ સન્માન આપ્યું હતું. વડાપ્રધાન નેતન્યાહૂએ ટ્રમ્પને ઈઝરાયલનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કર્યો છે. આ પુરસ્કાર આપતી વખતે નેતન્યાહૂએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને શાંતિનો નોબેલ પુરસ્કાર ચોક્કસ મળશે. જોકે, આ વર્ષે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો નથી. નેતન્યાહૂએ કહ્યું કે, શાંતિનો નોબેલ પુરસ્કાર ટ્રમ્પને જરૂર મળશે, ભલે તેમાં સમય લાગે. આ પહેલા નેતન્યાહૂએ ટ્રમ્પ સાથે મુલાકાત કરીને શાંતિ સ્થાપિત કરવાના પ્રતીકના ભાગરૂપે એક 'ગોલ્ડન પીસ પીજન'ની ભેટ આપી હતી.


## 'અમેરિકા ચીનને મદદ કરવા માંગે છે, નુકસાન નહીં' : ટ્રમ્પ

# ૧૦૦% ટેરિફ સામે ચીનની કડકાઈ બાદ ટ્રમ્પના મિજાજ બદલાયા

**ચીને ૧૨ પ્રકારના રેયર અર્થ મિનરલ્સની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેનાથી અમેરિકન પ્રમુખ ટ્રમ્પ નારાજ થયા**

। (એજન્સી) નવોશિગ્ટન, તા.૧૩ ।

ચીનના રેયર અર્થ મિનરલ્સ (દુર્લભ પૃથ્વી ખનિજો)ની નિકાસ પર રોક લગાવવાના કારણે અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ગુસ્સે થયા છે અને તેમણે ચીની સામાન પર ૧૦૦% ટેરિફની જાહેરાત કરી છે. જોકે, ત્યારબાદ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર નરમ વલણ અપનાવતા કહ્યું કે, વ્હાઈટ હાઉસ ચીનને મદદ કરવા માંગે છે, નુકસાન પહોંચાડવા નહીં. ટ્રમ્પની આ ટિપ્પણી બંને દેશો વચ્ચે વધતા વ્યાપારિક તણાવ અને પૂર્ણ વ્યાપાર યુદ્ધની આશંકા વચ્ચે આવી છે.ચીને ૧૨ પ્રકારના રેયર અર્થ મિનરલ્સની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેનાથી અમેરિકન પ્રમુખ ટ્રમ્પ નારાજ થયા. આ રેયર અર્થ મિનરલ્સ ચીન અને અમેરિકા વચ્ચેના નવા ટ્રેડ



વોરનું કારણ બન્યા છે, જેના જવાબમાં ટ્રમ્પે ચીની સામાન પર ૧૦૦% ટેરિફની જાહેરાત કરી દીધી છે.આક્રમક નિવેદનબાજી કર્યા પછી, ટ્રમ્પે હવે સમાધાનનો સૂર અપનાવ્યો અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યુ છે કે, 'ચીનની ચિંતા ન કરો, બધું ઠીક થઈ જશે! અત્યંત સન્માનનીય રાષ્ટ્રપતિ શી જિનપિંગનો હાલમાં ખરાબ સમય ચાલી રહ્યો છે. તેઓ પોતાના દેશ માટે મંદી નથી ઈચ્છતા અને હું પણ નથી ઈચ્છતો. અમેરિકા ચીનને મદદ કરવા માંગે છે, તેને નુકસાન પહોંચાડવા માંગતો નથી.'ટ્રમ્પની આ પોસ્ટના થોડા કલાકો પહેલા ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સએ બીજિંગને ચેતવણી આપી હતી કે, તે વિવેકપૂર્ણ રસ્તો પસંદ કરે. વર્તમાન વિવાદમાં અમેરિકાની સ્થિતિ વધુ પ્રભાવશાળી છે. આ સાથે જ વેન્સે જણાવ્યું કે, 'આ એક નાજુક સમયગાળો હશે, જે ઘણોખરો ચીનની પ્રતિક્રિયા પર નિર્ભર કરશે. જો ચીન ખૂબ આક્રમક રીતે જવાબ આપશે, તો હું ખાતરી આપું છું કે અમેરિકન પ્રમુખ વધુ આક્રમક બનશે. જોકે, જો તેઓ સમજદારીથી કામ લેવા તૈયાર થશે, તો અમેરિકા પણ સમજદારી દાખવશે.'બીજિંગે વૉશિંગ્ટનના નવા ટેરિફ નિર્ણયને 'બેવડાં ધોરણો' ગણાવી તેની નિંદા કરી અને કહ્યું કે ચીન વ્યાપાર યુદ્ધ નથી ઈચ્છતું, પણ તેનાથી ડરતું પણ નથી.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મોટી જાહેરાત

# ૨૦૨૭ બાદ દરેક કેસનું ૩ વર્ષની અંદર નિરાકરણ આવી જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ શનિવારે જયપુર પહોંચ્યા હતા, જ્યાં તેમણે જેઈસીસીમાં ત્રણ નવા ગુનાહિત કાયદા પર આધારિત રાજ્ય સ્તરીય પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લાગુ કરવામાં આવેલા ત્રણ નવા કાયદા-ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ દેશની ન્યાય પ્રણાલીમાં ઐતિહાસિક બદલાવ લાવનારા છે. શાહે કહ્યું કે આ કાયદાને સંપૂર્ણપણે લાગુ કરવામાં બે વર્ષ લાગશે, પણ ૨૦૨૭માં નોંધાયેલી દરેક ફરિયાદમાં ત્રણ વર્ષની અંદર સુપ્રીમ કોર્ટ સુધીમાં ન્યાય મળવાની ખાતરી કરવામાં આવશે.

અમિત શાહે પોતાના સંબોધનમાં કહ્યું કે આ ખાલી કાનૂની સુધાર નથી, પણ દેશની ન્યાય વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન છે. તેમણે તેને ઈઝ ઓફ લિવિંગ સાથે ઈઝ ઓફ જસ્ટિસની દિશામાં મોટું પગલું ગણાવ્યું છે. શાહે જણાવ્યું કે, પહેલા પોલીસ દ્વારા પકડેલા ૧૦૦ ગુનેગારોમાંથી ખાલી ૪૨ને સજા



મળતી હતી, જે હવે વધીને ૬૦ ટકા થઈ ગઈ છે. તેમણે કહ્યું કે, જ્યારે આ કાયદા સંપૂર્ણપણે લાગુ થઈ જશે તો આ આંકડો ૯૦ ટકા સુધી પહોંચી જશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, નવા કાયદામાં મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે અલગથી જોગવાઈ કરી છે. ૭ વર્ષથી વધારે સજાવાળા કેસમાં હવે ફોરેન્સિક તપાસ ફરજિયાત છે. આતંકવાદ, મોબ લિંચિંગ અને સંગઠિત ગુનાની સ્પષ્ટ પરિભાષા નક્કી કરી છે. હવે ૯૦ દિવસની અંદર કેસની ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. શાહે કહ્યું કે, આ બદલાવ ૨૧મી સદીનો સૌથી મોટો ન્યાયિક સુધાર છે અને તેનાથી દેશની આપરાધિક ન્યાય સિસ્ટમ દુનિયામાં સૌથી આધુનિક બની જશે.

## સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ રૂ. ૫૦૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઐતિહાસિક ટોચે પહોંચ્યો

# પુષ્ય નક્ષત્ર પહેલાં ચાંદીમાં રૂપિયા ૫૦૦૦નો ઉછાળો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પુષ્ય નક્ષત્રના એક દિવસ પહેલાં જ ૧૩ ઓક્ટોબરના રોજ સોના-ચાંદીના ભાવ ફરી નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યા છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને વૈશ્વિક બજારના સથવારે આજે સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ અધધધ રૂ. ૫૦૦૦ પ્રતિ કિગ્રા ઉછળ્યો હતો. સોનું પણ રૂ. ૧,૨૯,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યો છે.

આજે સ્થાનિક બજારમાં ચાંદીનો ભાવ રૂ. ૫૦૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની



ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે. સોના અને ચાંદીના રેકોર્ડ ભાવ વધારાના કારણે પુષ્ય નક્ષત્રમાં ઘરાકીનો અભાવ જોવા મળ્યો છે. હાલ માત્ર ૨૦થી ૩૦ ટકા ખરીદદારોએ જ ઓર્ડર બુક કરાવ્યા હોવાનું અમદાવાદ ચોક્સી મહાજને જણાવ્યું હતું. હાલ બજારમાં માત્ર નાના-મોટા રોકાણકારો જ ખરીદી કરતાં જોવા મળ્યા છે. ઉલ્લેખનીય છે, સોના-ચાંદીની કિંમત ઓલટાઈમ હાઈ હોવા છતાં પ્રોફિટ બુકિંગનું કોઈ ખાસ વલણ જોવા મળ્યું નથી. ચાલુ કેલેન્ડર વર્ષ કિંમતી ધાતુ માટે શુકનવંતુ રહ્યું છે. આ વર્ષે ચાંદીમાં મૂડી ડબલ થઈ છે, જેમાં ૧૦૨ ટકા રિટર્ન છૂટ્યું છે. જ્યારે સોનામાં પણ ૬૪ ટકા ઉછાળો જોવા મળ્યો છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સોનું રૂ. ૭૮૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ સામે રૂ. ૫૦,૩૦૦ ઉછળી રૂ. ૧,૨૯,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યું છે. જ્યારે ચાંદી રૂ. ૮૬૫૦૦ પ્રતિ કિગ્રા સામે રૂ. ૮૮૫૦૦ ઉછળી રૂ. ૧,૭૫,૦૦૦ પ્રતિ કિગ્રાની ઓલટાઈમ હાઈ સપાટીએ પહોંચી છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, ટ્રમ્પની ટેરિફ નીતિ, અમેરિકામાં મંદી, ફેડ રેટ કટ, ક્રૂડના ભાવમાં ઘટાડો સહિતના વિવિધ પરિબળોના કારણે સેફ હેવનમાં રોકાણ વધ્યું છે. વિવિધ સેન્ટ્રલ બેંકો દ્વારા ગોલ્ડ રિઝર્વ્સ પણ વધારવામાં આવી છે. રૂપિયો નબળો પડ્યો છે. બીજી તરફ ચાંદીની ઔદ્યોગિક માગ સતત વધી રહી છે.

# કૌન બનેગા કરોડપતિ'માં ધો.પમાં ભણતા બાળકનું બિગ બી સાથે તોછડું વર્તન

। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

કૌન બનેગા કરોડપતિની ૧૭માં સિઝનમાં એક નાના બાળકે તોછડું વર્તન કરીને અમિતાભ બચ્ચન સહિત તમામ દર્શકોને આશ્ચર્યમાં મૂકી દીધા હતા. આ બાળક પમા ધોરણમાં ભણતો ઈશિત ભટ્ટ છે. ઈશિત તેની હોંશિયારીને નહીં, પણ તેના વધુ પડતા આત્મવિશ્વાસ અને બેદરકારીભર્યા વર્તનને કારણે ચર્ચામાં છે. ઈશિત તેનાથી ઉંમરમાં અને અનુભવમાં મોટા અમિતાભ બચ્ચન સાથે ખરાબ વર્તન કરતાં દર્શકો સોશિયલ મીડિયા પર માત્ર ઈશિત જ નહીં, તેના માતા-પિતાને પણ નિશાન બનાવી રહ્યા છે. ઈશિત શોમાં પહોંચ્યો અને હોટ સીટ પર બેઠો. ત્યાં પહોંચતા જ તેણે સદીના મહાનાયક કહેવાતા બચ્ચન સાહેબ સાથે એવી રીતે વાત કરી કે જે દર્શકોને બિલકુલ પસંદ ના પડી. ક્યારેક તે બચ્ચન સાહેબને વચ્ચે અટકાવતો, તો ક્યારેક વિકલ્પ સાંભળ્યા વગર જ જવાબ આપી દેતો. એટલું જ નહીં, કેટલીક વાર તો તેણે અમિતાભ બચ્ચને વાત છોડો, આગળનો સવાલ પૂછો જેવી સલાહ પણ આપી દીધી હતી. આ પ્રકારનું વર્તન જોઈને અનેક લોકો તેના અશોભનીય વર્તનથી ગુસ્સે ભરાયા હતા. અમિતાભ બચ્ચનનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ અનેક લોકોએ ઈશિતની ટીકા કરી રહ્યા છે. અનેક લોકોએ ઈશિતના માતા-પિતાના ઉછેર પર સવાલો ઉઠાવ્યો છે. કેટલાક લોકોએ અમિતાભ બચ્ચનની સહનશીલતાની પણ પ્રશંસા કરી હતી. એક યુઝરે લખ્યું તેના માતા-પિતા તેનું આ વર્તન ગર્વથી જોઈ રહ્યા હતા. આવા માતા-પિતાને શરમ આવવી જોઈએ.

# અમદાવાદમાં વિદેશી દારૂ મોકલવા માટે એમ્બ્યુલન્સમાં કરાઈ હતી હેરાફેરી....

। (માહિતી) નર્મદા, તા.૧૩ ।

દિવાળી પહેલા નર્મદામાંથી શરમાવે તેવો કિસ્સો સામે આવ્યો છે. ગુજરાતમાં આમ તો દારૂબંધી છે પરંતુ વિવિધ કરામતોથી બુટલેગરો દારૂની હેરાફેરી કરતા ઝડપાય છે. ત્યારે નર્મદાના સાગબારા પોલીસે એમ્બ્યુલન્સમાં ચોરખાનું બનાવીને લઈ જવાતો વિદેશી દારૂ પકડી પાડવામાં આવ્યો છે.

એમ્બ્યુલન્સમાં ચોરખાનું બનાવીને ધનશેરા આંતરરાજ્ય ચેકપોસ્ટ ખાતેથી દારૂ અમદાવાદ લઈ જવાતો હતો. આ કેસમાં પોલીસે અમદાવાદમાં કોને આ દારૂ આપવાનો હતો તે અંગેની વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રાજસ્થાન રાજ્યના કરોલી ખાતેથી અમદાવાદ ખાતે વિદેશી દારૂ લઈ જવાતો હતો. આ વિદેશી દારૂ કુલ કિં.રૂ. ૩,૪૩,૮૦૦ નો પ્રોહી






મુદ્દામાલ તથા એમ્બ્યુલન્સ મળી કુલ કિં.રૂ.૧૩,૫૩,૮૦૦ સાથે આરોપીને પકડી પાડવામાં સાગબારા પોલીસને સફળતા મળી છે.

આ લાખોનો વિદેશી દારૂ લઈ જવા માટે એમ્બ્યુલન્સમાં ચોર ખાનું બનાવવામાં આવ્યું હતું. ડ્રાઈવરની સીટની પાછળ એક ખાનું બનાવીને તેમાં વિદેશી દારૂના ખોખા મુકવામાં આવ્યા હતા. પહેલી નજરે જોનારાને આ એમ્બ્યુલન્સમાં કાંઈ જ અજુગતું લાગે નહીં પરંતુ જો એક ખાનું ખોલીને તેમાં જોવામાં આવે તો તેમાં વિદેશી દારૂના ખોખા ગોઠવવામાં આવ્યા હતા. (અમદાવાદ આવતી એમ્બ્યુલની તસવીર) ભાવનગરના વરતેજ પોલીસે પણ દારૂ ઝડપી પાડ્યો છે. ગત મોડી રાત્રિના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, સોદાવદર ગામની સીમમાં આવેલ વાડીમાં ઈસમોએ વિદેશી દારૂનો જથ્થો ઉતાર્યો છે અને દારૂની હેરાફેરી કરવાના છે. આ બાતમીના આધારે વરતેજ પોલીસે જાળીયા રોડ પર આવેલી વાડીમાં દરોડો પાડી વિદેશી દારૂની ૪૪૪ બોટલ કિં.રૂ. ૫,૭૭,૨૦૦ સાથે અજય ગોપાભાઈ ચૌહાણ (રહે. મૂળ વરલ,તા.સિહોર,હાલ ભાવનગર), વિક્રમ ઉર્ફે વિકો ભુપતભાઈ ચૌહાણ (રહે. સોડવદર), ગોપાલ ઉર્ફે ભોલો નટુભાઈ ચૌહાણ (રહે. સોડવદર) અને વિજય ભુપતભાઈ ચૌહાણ (રહે. ફુલસર, ભાવનગર) ને ઝડપી લીધા હતા.

પોલીસે વિદેશી દારૂ, ઈકો કાર તેમજ મોબાઈલ ફોન મળી સાત લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વિદેશી દારૂનો જથ્થો સુરતના શખ્સે મોકલ્યો હોવાનું તેમજ ભાવનગરના બે શખ્સ ઈકો ગાડી લઈને દારૂ લેવા આવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ બનાવ સંદર્ભે પોલીસે પાંચ શખ્સ વિરુદ્ધ વરતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### રાજકોટના બજારોમાં ભારે ભીડ

# દિવાળી પહેલાના છેલ્લા રવિવારે માહોલ જામ્યો

### રાજકોટની લાખાજી રાજ બજાર ઉપરાંત ધર્મેન્દ્ર રોડ બજાર સહિતના અલગ અલગ દુકાનોમાં લોકોની ભીડ

। (એજન્સી) રાજકોટ,તા.૧૩ ।



દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે લોકો નવા વર્ષને નવા ઉમંગ સાથે વધાવવા માટે આતુર હોય છે. લોકો પણ નવા કપડા અને નવી વસ્તુઓ ખરીદવા માટે હાલ રાજકોટ સહિત મોટાભાગના શહેરોના બજારોમાં પહોંચી રહ્યા છે ત્યારે રાજકોટના બજારમાં પણ દિવાળીનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી સૂમસામ ભાસતી રાજકોટની લાખાજી બજારમાં દિવાળીની તહેવારોનો માહોલ જામ્યો છે. શહેરના લાખાજીરાજ બજારોમાં ભારે ભીડ જામી છે. રાજકોટની આ બજારમાં કપડા શુઝ દિવાળીના સુશોભન ને લગતી વિવિધ વસ્તુઓ બજારમાં મળતી હોય છે. આજે રવિવારનો દિવસ હોવાથી લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા માટે પહોંચ્યા હતા. રાજકોટની આ બજારમાં લોકો અલગ અલગ જિલ્લામાંથી ખરીદી કરવા માટે આવતા હોય છે ત્યારે કેટલાક લોકો મોરબી થી ખાસ ખરીદી કરવા માટે રાજકોટ પહોંચ્યા હતા લાખાજીરાજ બજારમાં વિશેષ મહિલાઓની અલગ અલગ વસ્તુઓ મળતી હોવાથી મહિલાઓની પણ ભીડ જોવા મળી હતી. તો મહિલાઓએ પણ કહ્યું હતું કે, દિવાળીના તહેવારને લઈને તેઓ ખૂબ જ ઉત્સુક છે અને તે આ ખરીદી કરવા માટે પહોંચ્યા છે. આ વર્ષે કપડામાં પણ અલગ અલગ નવી વેરાઈટીઓ આવી છે. તો અલગ અલગ ડેકોરેશનની વસ્તુઓ પણ બજારમાં આવી છે જેને ખરીદવા માટે મોટી સંખ્યામાં લોકો પહોંચી રહ્યા છે. રાજકોટની લાખાજી રાજ બજાર ઉપરાંત ધર્મેન્દ્ર રોડ બજાર સહિતના અલગ અલગ દુકાનોમાં પણ અત્યારે લોકો ખૂબ સારી ખરીદી કરી રહ્યા છે.

### નારોલથી વિશાલા તરફનો શાસ્ત્રી બ્રિજ નવેમ્બરથી ૫ મહિના માટે બંધ રખાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

મેગા સિટી અમદાવાદ સતત ધમધમતુ શહેર છે. ત્યારે અહી એક પણ રસ્તો બંધ થાય તો હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાય છે. ત્યારે ફરી એકવાર નારોલથી વિશાલા તરફનો શાસ્ત્રી બ્રિજ નવેમ્બરથી ૫ મહિના માટે બંધ રખાશે.

શાસ્ત્રી બ્રિજ હવે જૂનો થઈ ગયો છે. ટ્રાફિકથી સતત ધમધમતા આ બ્રિજને હવે સમારકામની જરૂર છે. ત્યારે ૧૫ વર્ષ જૂનાં ૧૮૦ બેરિંગ બદલવાં પડશે તેવું સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ કહે છે. આ કારણે નારોલથી વિશાલા તરફનો શાસ્ત્રી બ્રિજ નવેમ્બરથી ૫ મહિના માટે બંધ રખાશે. ટુવ્હીલર, ફોરવ્હીલર વિશાલાથી નારોલ તરફના બ્રિજનો ઉપયોગ કરી શકશે.

નવેમ્બર મહિનામાં જ્યારે બ્રિજની કામગીરી શરૂ થશે ત્યારે પાંચ મહિના માટે નારોલથી વિશાલા તરફના બ્રિજને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ટુ-વ્હીલર અને ફોર વ્હીલરને અવર-જવર કરવા માટે સામેના એટલે કે વિશાલાથી નારોલ તરફના બ્રિજ પરથી વાહનોને ડાઈવર્ઝન આપવામાં આવશે. હાલમાં પણ બ્રિજ પરથી મોટાં વાહનોનો પ્રવેશ પ્રતિબંધિત હોવાના કારણે તમામ વાહનો દાણીલીમડા થઈને અંજલિ ચાર રસ્તા પાસેથી જઈ શકશે ઉલ્લેખનીય છે કે, આ બ્રિજનું સમારકામ એક વર્ષ પહેલા જ કરાયું હતું ત્યારે માત્ર સરફેસિંગની કામગીરી કરાઈ હતી. ગત વર્ષે ૯ ઓગસ્ટના રોજ બ્રિજ બંધ કરી દેવામાં આવ્યો હતો.

### ૧ કિ.મી. લાંબી લાઈન લાગી

# તહેવારો ટાણે સુરતના ઉધના રેલ્વે સ્ટેશન બહાર માનવ મહેરામણ

### તહેવારોની સિઝનમાં ટ્રેનમાં જગ્યા ન મળતી હોવાના કારણે લોકોએ વહેલી સવારથી જ સ્ટેશન પર ધામા નાખ્યા

। (એજન્સી) સુરત, તા.૧૩ ।

દિવાળી અને છઠ પૂજા જેવા તહેવારોને હવે ગણતરીના દિવસો બાકી છે. એવામાં સુરતનું ઉધના રેલ્વે સ્ટેશન મુસાફરોની ભીડથી ઊભરાઈ રહ્યું છે. મોટી સંખ્યામાં શ્રમિકો અને નોકરિયા વર્ગ પોતાના માદરે વતન (ખાસ ઉત્તર પ્રદેશ અને બિહાર) જવા રવાના થઈ રહ્યા છે. જેના કારણે રેલ્વે સ્ટેશન પર ભારે ભીડ જોવા મળી રહી છે. સવારથી બપોર સુધીમાં ૪ ટ્રેનમાં બેસવા ૬ હજારથી વધુ મુસાફરો રેલવે સ્ટેશન પહોંચી ગયા છે. લગભગ ૧ કિ.મી લાંબી મુસાફરોની લાઈન જોવા મળી હતી.

ઉધના રેલ્વે સ્ટેશનની જે દ્રશ્યો સામે આવ્યા છે, તેમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. મુસાફરોની સંખ્યા એટલી વધારે છે કે, સ્ટેશન પર ટિકિટ લેવા અને ટ્રેનમાં ચઢવા માટે મોડી રાતથી લોકોની લાંબી કતારો લાગી ગઈ છે. તહેવારોની સિઝનમાં ટ્રેનમાં જગ્યા ન મળતી હોવાના કારણે લોકો વહેલી સવારથી જ સ્ટેશન પર ધામા નાખીને બેઠા છે.

મુસાફરોની આ બેફામ ભીડને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રેલ્વે પોલીસ દ્વારા ઉધના રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે ઝઝ્ફ કેમેરા ઉપરાંત અત્યાધુનિક ડ્રોન સર્વેલન્સ દ્વારા સમગ્ર પરિસર પર નજર રાખવામાં આવી રહી છે. ડ્રોનનો ઉપયોગ કરીને ભીડને નિયંત્રિત કરવા અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રાખવામાં આવી રહી છે. તહેવારોની સિઝન પૂરી ન થાય ત્યાં સુધી ઉધના સ્ટેશન પર આ પ્રકારનો ધસારો અને વિશેષ સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તેવી શક્યતા છે.

મુસાફરોને નિયમોનું પાલન કરવા અને શાંતિ જાળવવા અપીલ કરવામાં આવી છે.

મુસાફરોની માગને પહોંચી વળવા માટે રેલ્વે દ્વારા નિયમિત ટ્રેનો ઉપરાંત અન્ય સ્પેશિયલ અને અનરિઝર્ડ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. આ વખતે છઠની સાથે-સાથે ટૂંક સમયમાં બિહારમા વિધાનસભાની ચૂંટણીનું પણ આયોજન છે. તેથી લોકો મોટી સંખ્યામાં વોટ આપવા માટે પણ બિહાર જઈ રહ્યા છે. જેના કારણે ગત વર્ષો કરતા આ સિઝનમાં મુસાફરોની ભીડ વધી છે. જેને ધ્યાનમાં રાખીને આ વર્ષે પણ રેલ્વે દ્વારા વધારાની ટ્રેન ટીપ્સની જાહેરાત કરવામાં આવી છે.

નોંધનીય છે કે, મુસાફરોની સંખ્યા એટલી વધુ છે કે, વધારાની ટ્રેન પણ ઓછી પડી રહી છે. તંત્ર દ્વારા પ્રવાસીઓને શાંતિ જાળવવા અને સુરક્ષા દળોને સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આ ભીડ આગામી થોડા દિવસ હજુ જોવા મળે તેવી સંભાવના છે.

# શ્રેષ્ઠ અભિનેતા બન્યા કાર્તિક અને અભિષેક, શ્રેષ્ઠ અભિનેત્રી આલિયા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં ઉત્તમ પર્ફોર્મન્સ, કહાની, દિગ્દર્શન અને તકનીકનો શાનદાર ઉત્સવ મનાવવા માટે ફિલ્મફેર એવોર્ડ્સ ફરી પાછા ફર્યા છે. ખાસ વાત એ છે કે આ વર્ષે આ શાનદાર ઈવેન્ટ ગુજરાતમાં યોજાઈ હતી અને તેને જબરદસ્ત સફળતા મળી. સિતારાઓથી સજેલી આ સાંજમાં ગ્લેમર, મનોરંજન અને ઈમોશન્સ બધું જ જોવા મળ્યું. ૭૦માં હ્યુન્ડાઈ ફિલ્મફેર એવોર્ડ્સ ૨૦૨૫નું આયોજન અમદાવાદના ઈદ્બછ એરેનામાં કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય ઈવેન્ટની હોસ્ટિંગ શાહરૂખ ખાન, કરણ જોહર અને મનીષ પોલે કરી હતી. રેડ કાર્પેટ પર સિતારાઓની ધૂમ હતી અને સ્ટેજ પર અક્ષય કુમાર, અનન્યા પાંડે સહિત અનેક કલાકારોએ શાનદાર પર્ફોર્મન્સ આપ્યા હતા. ચારેબાજુ માત્ર સિતારાઓની ચમક અને તાળીઓની ગુંજ સંભળાઈ હતી. આ વર્ષે ફિલ્મફેર એવોર્ડ્સે એક્ટિંગ, ડિરેક્શન અને મ્યુઝિકમાં શાનદાર કામ કરનાર કલાકારોને સન્માનિત કર્યા. ખાસ વાત એ રહી કે બેસ્ટ એક્ટરનો એવોર્ડ આ વખતે બે એક્ટર્સને મળ્યો - કાર્તિક આર્યન અને અભિષેક બચ્ચન.

૭૦મા ફિલ્મફેર એવોર્ડ ૨૦૨૫ના વિજેતાઓની યાદી શ્રેષ્ઠ ફિલ્મ: લાપતા લેડીઝ શ્રેષ્ઠ દિગ્દર્શક: કિરણ રાવ (લાપતા લેડીઝ) શ્રેષ્ઠ ફિલ્મ (ક્રિટિક્સ): આઈ વોન્ટ ટુ ટોક (શૂજીત સરકાર) મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેતા (પુરુષ): અભિષેક બચ્ચન (આઈ વોન્ટ ટુ ટોક) અને કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન) શ્રેષ્ઠ અભિનેતા (ક્રિટિક્સ): રાજકુમાર રાવ (શ્રીકાંત) મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેત્રી (સ્ત્રી): આલિયા ભટ્ટ (જિગરા) શ્રેષ્ઠ અભિનેત્રી (ક્રિટિક્સ): પ્રતિભા રાંતા (લાપતા લેડીઝ) શ્રેષ્ઠ સહાયક અભિનેતા (પુરુષ): રવિ કિશન (લાપતા લેડીઝ) શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી (સ્ત્રી): છાયા કદમ (લાપતા લેડીઝ) શ્રેષ્ઠ મ્યુઝિક આલ્બમ: રામ સંપત (લાપતા લેડીઝ) શ્રેષ્ઠ ગીતો: પ્રશાંત પાંડે (સજની - લાપતા લેડીઝ) શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (પુરુષ): અરિજિત સિંહ (સજની - લાપતા લેડીઝ) શ્રેષ્ઠ પ્લેબેક સિંગર (સ્ત્રી): મધુબંતી બાગચી (આજ કી રાત - સ્ત્રી ૨) શ્રેષ્ઠ ડેબ્યુ ડિરેક્ટર: આદિત્ય સુહાસ જાંભલે (આર્ટિકલ ૩૭૦) અને કુણાલ ખેમૂ (મડગાંવ એક્સપ્રેસ) શ્રેષ્ઠ ડેબ્યુ (પુરુષ): લક્ષ્ય (કિલ) શ્રેષ્ઠ ડેબ્યુ (સ્ત્રી): નિતંશી ગોએલ (લાપતા લેડીઝ) લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ: ઝીનત અમાન અને શ્યામ બેનેગલ (મરણોત્તર સન્માન).

### ફિલ્મફેરમાં એવોર્ડ વિનિંગ એક્ટ્રેસ પડતાં પડતાં બચી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

સુપરસ્ટાર શાહરૂખ ખાન જ્યાં પણ હોય, ત્યાં સૌનું ધ્યાન તેમના પર છે. હાલમાં, સુપરસ્ટાર અમદાવાદ, ગુજરાત ખાતે ૭૦મા ફિલ્મફેર એવોર્ડ્સ સમારોહ યોજાયો હતો.

આ એવોર્ડ સમારોહમાં સમગ્ર બોલિવૂડ ઉદ્યોગ ગુજરાતમાં આવી પહોંચ્યો હતો. ફિલ્મફેર એવોર્ડ્સના વીડિયો પણ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યા છે. ફિલ્મફેરે કિરણ રાવની "મિસિંગ લેડીઝ" અને કરણ જોહરની "કિલ" એ એવોર્ડ જીત્યા.

આ દરમિયાન, "મિસિંગ લેડીઝ" માં ફૂલ કુમારીનું પાત્ર નિતાંશી ગોયલનો એક વીડિયો પણ સામે આવ્યો હતો, જેમાં તે સ્ટેજ પર લપસી પડી હતી. નોંધપાત્ર વાત એ છે કે કિંગ ખાન શાહરૂખ ખાને તેને બચાવી લીધી હતી.

એવોર્ડ સમારોહમાં, નિતાંશી ગોયલને મિસિંગ લેડીઝ માટે બેસ્ટ ફિમેલ ડેબ્યુ એવોર્ડ મળ્યો. જેમ જેમ નિતાંશી એવોર્ડ લેવા માટે સ્ટેજ પાસ આવી પહોંચી ત્યારે, સુપરસ્ટાર શાહરૂખ ખાન તેનો હાથ પકડવા માટે આગળ વધ્યો. એવોર્ડ લેવા માટે સીડી પર ચઢતી વખતે, તેના ગાઉનમાં તેણીનું સંતુલન ખોવાઈ ગયું, જેના કારણે તે ઠોકર ખાઈ ગઈ. જોકે, કિંગ ખાને તેને પકડી લીધી અને તેને પડવાથી બચાવી લીધી. જેમ જેમ નિતાંશી સ્ટેજ પર પહોંચી, સુપરસ્ટાર પણ તેના ગાઉનનો ટ્રેલ એડજસ્ટ કરતો જોવા મળ્યો.

નિતાંશી પડવાથી માંડ બચી ગઈ, તે થોડી ગભરાઈ ગઈ, પરંતુ શાહરૂખ ખાન તરત તેની મદદે આવી પહોંચ્યો હતો તેને પ્રોત્સાહન આપ્યું. તે સ્ટેજ પર પ્રેમથી તેના ગાઉનને ટેકો આપતો જોવા મળ્યો, જેના માટે ચાહકો હવે સુપરસ્ટારની પ્રશંસા કરી રહ્યા છે. સોશિયલ મીડિયા યુઝર્સ કહે છે કે શાહરૂખ ખાન બોલિવૂડના સૌથી સજ્જન સ્ટાર છે. યુઝર્સ વીડિયો પર ટિપ્પણી કરી રહ્યા છે અને શાહરૂખ ખાનની પ્રશંસા કરી રહ્યા છે.

નીતાંશી ગોયલ અને શાહરૂખ ખાનના આ વિડિયો પર યુઝર્સ ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી રહ્યા છે. એકે ટિપ્પણી કરી, "આ ઉદ્યોગમાં કિંગ ખાન જેવો કોઈ સજ્જન વ્યક્તિ હોઈ શકે નહીં." બીજા એક વ્યક્તિએ લખ્યું, "તમે દરેક વખતે દિલ જીતી લો છો, સાહેબ. તમારા જેવું કોઈ નથી." ત્રીજા વ્યક્તિએ લખ્યું, "નીતાંશી આ ક્ષણ ક્યારેય નહીં ભૂલી શકે. શાહરૂખ ખાને જે રીતે તેને સંભાળી તે ખરેખર અનોખી છે."

## વિશેષ

### પણ જામનગર LCBથી ન બચી શક્યો

# ૩૯ ગુના આચરી નવાઝે આખી ગુજરાત પોલીસને હંફાવી!

। (એજન્સી) જામનગર, તા.૧૩ ।

LCBએ કાલાવડ પંથકમાંથી ધાડપાડુ લૂંટારુ ટોળકીને દબોચી લીધી છે, આ ટોળકી પાસેથી કેબલ, વાહનો, હથિયારો, મોબાઈલ મળી ૪.૨૨ લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. ઝડપાયેલી આ લૂંટારુ ટોળકી કાલાવડના અરલા ગામની ગોળાઈ પાસે હતી અને કોઈ ગુનાને અંજામ આપે એ પહેલા જ બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રાટકી અને દબોચી લીધી હતી, પકડાયેલા ૫ શખ્સો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે જે પૈકી એક આરોપી સામે ૩૯ ગુના નોંધાયેલા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગર જિલ્લામાં વણઉકેલાય ગુનાને શોધી કાઢવા પોલીસની તપાસ ચાલી રહી હતી, દરમિયાન એલ.સી.બી.ની ટીમને બાતમી મળી હતી કે, કાલાવડ તાલુકાના મછલીવાડ ગામથી અરલા ગામ તરફ જવાના રોડ ઉપર લૂંટારુ ટોળકીના માણસો જીવલેણ ઘાતક હથિયારો ધારણ કરી, રોડ ઉપર પસાર થનાર માણસોને લૂંટી લેવા માટે તૈયારી કરવા એકઠા થયા છે. આ બાતમી આધારે પાંચ ઈસમોને જીવલેણ ઘાતક હથિયાર તથા ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી ફરિયાદ નોંધાવી છે.



LCB એ ઝડપી પાડેલા આરોપીઓમાં નવાઝ જુમાભાઈ દેથા સંધી ઉં.વ.૩૧ ધંધો મજૂરી રહે. પીરલાખાસર તા.ખંભાળીયા જી.દેવભૂમિ દ્વારકા; અજય કારુભાઈ સોલંકી દેવીપૂજક ઉં.વ.૨૯ ધંધો મજૂરી રહે. ઘંટેશ્વર પાસે, રાજકોટ મૂળ-અમરેલી; અલ્તાફ ઉર્ફે ભાયો ઈકબાલભાઈ બેલીમ ઉં.વ.૨૮ રહે. પરાપીપળીયા રાજકોટ; મિતભાઈ ઉર્ફે ગાંડો દિલીપભાઈ વાઘેલા ઉં.વ.૩૦ ધંધો રીક્ષા ડ્રાઈવીંગ રહે. રૈયાધાર રાજકોટ મૂળ-ભાણવડ જી.દેવભૂમિ દ્વારકા તથા વસીમભાઈ ઉર્ફે અંજુમ અબ્દુલભાઈ મુસાણી ઉં.વ.૨૫ રહે. પરાપીપળીયા, રાજકોટ મૂળ-સાવરકુંડલા જી.અમરેલીનો સમાવેશ થાય છે. પોલીસે કબજે લીધેલા મુદ્દામાલમાં કોપર કેબલ વાયર- ૨૨૦ મીટર, એક ઈકો ગાડી, એફઝેડ મો.સા/એક્ટિવા/સ્પ્લેન્ડર (૩ ટુવ્હિલર), ૪ મોબાઈલ, ૧ ગ્રાઈન્ડર મશીન, ઘાતક હથિયાર, કોયતો, છરી, ધારીયું, ધોકો, પાઈપ મળી ટોટલ રિકવર મુદ્દામાલની કિંમત રૂ. ૪,૨૨,૯૮૦નો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન શોધી કાઢેલ ગુનાઓમાં કાલાવડ ગ્રામ્ય ૨ સિક્કાના અને વધુ એક કાલાવડ ગ્રામ્યનો ગુનો ડિટેક્ટ થયો છે.

વધુમાં મુખ્ય આરોપી નવાઝ દેથા સંધી અગાઉ જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પવનચક્કીના કેબલ વાયર ચોરીના ગુનામાં પકડાયેલ હોવાની માહિતી સામે આવી છે, જેથી પવનચક્કીના અર્થિંગ કેબલ વાયર કઈ રીતે કાપી શકાય, તેનાથી સંપૂર્ણ વાકેફ હતો, જ્યારે આરોપી નવાઝ દેથા સંધી અગાઉ રાજકોટ પરાપીપળીયા ગામે રહેતો હતો, ત્યારે તેની રાજકોટ ઘંટેશ્વર નજીક ચાની હોટલ પાસે ઉઠક બેઠક હતી, જેથી અન્ય આરોપીઓ ચાની હોટલે આવતા એકાબીજા અવારનવાર મળતા હતા અને જેથી નવાઝ દેથા સંધીએ આરોપીઓને સાથે મળીને કાલાવડ તાલુકામાં પવનચક્કીના અર્થિંગના કેબલ વાયર ચોરીનો આખો પ્લાન બનાવ્યો હતો.

નવાઝ દેથા સંધીએ આરોપીઓને કહ્યું હતું કે, આ ચોરીમાં સાથે રહેશો તો ભાગ મળશે, તેમ કહેતા તમામ આરોપીઓ ચોરી કરવા જવામાં સહમત થયા હતા. આ પાંચેય ઈસમો તેમના હસ્તકની ઈકો ગાડી, એફઝેડ, એક્ટિવા, તથા સ્પ્લેન્ડર મો.સા લઈ મોડી રાત્રીના કાલાવડ તાલુકામાં આવેલ પવનચક્કીએ પહોંચ્યા હતા, જ્યાં આરોપી નવાઝ દેથા સંધી પવનચક્કીના થાંભલા ઉપર દોરડાની મદદથી ચઢ્યો હતો અને આર્ચિંગના કોપરના કેબલ વાયર ગ્રાઈન્ડર મશીનથી કાપીને નીચે ફેંક્યા બાદ અન્ય આરોપીઓ આ વાયર ભેગો કરીને ત્યાંથી વાહનમાં ભરી અવાવરુ જગ્યાએ લઈ જઈ આ કેબલમાંથી કોપર વાયર અલગ કરી, ત્યાં છુપાવી એકઠો કરતા હતા. વધુમાં લૂંટારુ ગેંગના પકડાયેલા આરોપી નવાઝ જુમા સામે લાલપુરમાં ૧૨, ખંભાળીયામાં ૧૯, મેઘપર, દ્વારકા, જામજોધપુર, મળી કુલ ૩૯ ગુનામાં સંડોવાયેલ છે તથા અલ્તાફ બેલીમ વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૭, વસીમ વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૩, મિત વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૨, અજય વિરુદ્ધ ગાંધીગ્રામમાં ૧ ગુનો નોંધાયો છે. આમ ટોળકીના સાગરીતોએ અગાઉ રાજકોટ તથા જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખૂન, ખૂનની કોશિષ, લૂંટ, ઘરફોડ ચોરી, વાહન ચોરી, કેબલ ચોરી, મારામારી, દારૂ, જુગારના ગુનાઓ નોંધાયેલ છે. તેવી માહિતી જામનગર શહેર Dysp જયવીરસિંહ ઝાલાએ આપી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સદીના અંત સુધીમાં મુંબઈનો ૨૧ ટકા અને ચેન્નઈનો ૧૮ ટકા વિસ્તાર ડૂબશે



। (એજન્સી) મુંબઈ, તા.૧૩ ।

નેચર અર્બન સસ્ટેનિબિલીટી જર્નલમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં સંશોધકોએ ચિંતા વ્યક્ત કરી છે કે જો કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં માનવજાત નાકામ રહેશે તો તેના ખૂબ ગંભીર પરિણામો ભોગવવાના આવશે. જળસ્તર સદીના અંત સુધીમાં દોઢ ફૂટથી પણ વધારે ઉપર આવશે અને તેના કારણે સમુદ્ર કાંઠાંના ૩૦ લાખ લોકો તેનાથી પ્રભાવિત થશે. સેંકડો ઈમારતો ડૂબાણમાં જશે. વિશાળ સમુદ્રકાંઠો ધરાવતા ભારત જેવા દેશો એનાથી વિશેષ પ્રભાવિત થશે. કેનેડાની મેકગિલ યુનિવર્સિટીના સંશોધકોએ તૈયાર કરેલા અહેવાલમાં કહેવાયું હતું કે ક્લાઈમેટ ચેન્જની આડઅસરો શરૂ થઈ ચૂકી છે. સમુદ્રનું જળસ્તર ધીમે ધીમે વધવાનું શરૂ થયું છે. કોલસો, ખનીજતેલ વગેરેનો ઉપયોગ અટક્યો નથી, તેના પરિણામે કાર્બન ઉત્સર્જન ઘટતું નથી. કાર્બન ઉત્સર્જન ઘટશે નહીં ત્યાં સુધી ક્લાઈમેટ ચેન્જની આડઅસરો કાબૂમાં આવી શકશે નહીં. જો આ જ સ્થિતિ સદીના અંત સુધી રહેશે તો ભયાનક પરિણામો જોવાના આવશે. સેટેલાઈટના નકશા અને આંકડાંના આધારે તારણ અપાયું એ પ્રમાણે અરબી સમુદ્રમાં જ અડધો મીટર એટલે લગભગ ૧.૭ ફૂટ જેટલું જળસ્તર સદીના અંતે વધી જશે. તેના કારણે મુંબઈનો ૨૧.૮ ટકા વિસ્તાર ડૂબી જશે. ચેન્નઈને પણ એની ગંભીર અસર થશે અને ૧૮ ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જશે. લાખો લોકો અસરગ્રસ્ત બનશે ને અર્થતંત્ર પર પણ તેની ગંભીર અસર થશે. ભારતમાં કોચી, મેંગ્લુરુ, વિશાખાપટ્ટનમ, પુરી, પારાદીપ, પણજી જેવા ડઝનેક શહેરોની અનેક ઈમારતો પર ડૂબવાનું જોખમ મંડરાય છે. યુનિવર્સિટીના સંશોધકોએ તારણ આપ્યું કે દુનિયાભરમાં સમુદ્રોની સપાટી દોઢેક ફૂટ જેટલી વધશે. ક્યાંક બે ફૂટ વધશે. તેનાથી દુનિયાની ૧૦ કરોડ ઈમારતો ડૂબી જશે. એમાંથી અરબી સમુદ્રના કાંઠે જ ૩૦ લાખ ઈમારતો પર ડૂબવાનું જોખમ મંડરાતું હશે. ૩૦ થી ૪૦ લાખ લોકો એ સમયે પ્રભાવિત થશે. ચિંતા તો એવીય વ્યક્ત થઈ હતી કે જો અત્યારે તાકીદની અસરે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં નહીં આવે તો સમુદ્રમાં ૧૬ ફૂટ સુધીનું જળસ્તર વધી શકે અને તેના કારણે કરોડો લોકો પ્રભાવિત થશે. અગણિત ઈમારતો ડૂબી શકે છે. અત્યારે એમ કહેવાય છે કે સદીના અંત સુધીમાં પૃથ્વીના સરેરાશ તાપમાનમાં એક ડિગ્રીનો વધારો થશે.

# ગાઝા શાંતિ સમિટ માટે વડાપ્રધાન મોદીને આમંત્રણ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

મધ્ય પૂર્વમાં ગાઝા સંઘર્ષ પર લાંબા સમયથી ચાલી રહેલી શાંતિ પ્રક્રિયાના ભાગરૂપે, ઈજિપ્તના પ્રમુખ ફરાહ અલ સિસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને શાંતિ સમજૂતી પર હસ્તાક્ષરના કાર્યક્રમમાં ભાગ લેવા માટે આમંત્રણ મોકલ્યું છે. આ શાંતિ શિખર સંમેલન ઈજિપ્તના જાણીતા રિસોર્ટ શહેર શર્મ અલ શેખમાં યોજાઈ રહ્યું છે, જે આંતરરાષ્ટ્રીય બેઠકો માટે જાણીતું છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત વિશ્વભરના લગભગ ૨૦ જેટલા નેતાઓ આ સમારોહમાં ભાગ લેવાના છે. જોકે, વડાપ્રધાન મોદી આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઈજિપ્ત જશે કે કેમ તે હજી સ્પષ્ટ થયું નથી. હાલમાં, ભારત તરફથી વિદેશ રાજ્ય મંત્રી કીર્તિવર્ધન સિંહ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે ઈજિપ્ત જશે તેવું પહેલાથી જ નક્કી છે.

ભારતે હંમેશા શાંતિ અને સંયમનું સમર્થન કર્યું છે. ભારત ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંને સાથે સારા સંબંધો રાખે છે. જેના માટે ભારતનું આ શાંતિ પ્રક્રિયામાં ભાગ લેવું મહત્ત્વનું છે.

ગાઝામાં લાંબા સમયથી ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે હજારો લોકોના મોત થયા છે અને ભારે વિનાશ થયો છે. હવે બંને પક્ષો વચ્ચે શાંતિ કરાર પર ઔપચારિક રીતે હસ્તાક્ષર થવાના છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ માટે ૨૦ સૂત્રીય યોજના રજૂ કરી છે. જેમાં મુખ્યત્વે યુદ્ધવિરામ, સેના પાછી ખેંચવી, બંધકોની મુક્તિ અને ગાઝામાં લાંબા સમય સુધી સ્થાયી શાંતિ જાળવી રાખવાના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

હમાસે આ પ્લાનને માનવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. હમાસના નેતાઓએ તેને 'હાસ્યાસ્પદ' જણાવ્યું છે. હમાસનું કહેવું છે કે, તે પોતાના હથિયાર હેઠાં નહીં મૂકે અને ન તો ગાઝા છોડીને જશે. હમાસને લાગે છે કે, આ કરાર તેના માટે નુકસાનકારક છે.

ઈઝરાયલના પ્રમુખ નેતન્યાહૂ પણ આ કરારને લઈને સંપૂર્ણપણે આશ્વત નથી. તેમની પણ અમુક શરતો છે અને તે ઈચ્છે છે કે, હમાસ સંપૂર્ણ રીતે નિષ્ક્રિય બની જાય.

ડોનાલ્ડ ટ્રમ્પનું માનવું છે કે, આ પ્લાન મધ્ય પૂર્વમાં સ્થાયી શાંતિ સ્થાપવાની સૌથી સારી રીત છે. પરંતુ, હજુ અનેક રાજકીય અને સુરક્ષાની સમસ્યાઓ છે જેનો ઉકેલ લાવવાનો બાકી છે.

# ટેકઓફ બાદ હેલિકોપ્ટર ગોળ-ગોળ ફરવા લાગ્યું



। (એજન્સી) લોસ એન્જલસ, તા.૧૩ ।

શનિવારે અમેરિકાના લોસ એન્જલસના હંટીંગ્ટન બીચ પર દરિયા કિનારે ઉડતા એક હેલિકોપ્ટરે અચાનક કાબુ ગુમાવ્યો. ટેકઓફ કરતી વખતે પાઈલટે હેલિકોપ્ટર પરનો કાબુ ગુમાવ્યો, જેના કારણે ક્રેશ થયું. આ અકસ્માતમાં પાંચ લોકો ઘાયલ થયા છે. હેલિકોપ્ટર ક્રેશનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અહેવાલ મુજબ, હેલિકોપ્ટર ઉડાન ભરતાની સાથે જ નિયંત્રણ બહાર થઈ ગયું. પછી તે પંખાની જેમ ગોળ-ગોળ ફરવા લાગ્યું. ત્યાર બાદ તે ઝાડ સાથે અથડાયું અને પેસિફિક કોસ્ટ હાઈવે પર ક્રેશ થયું. હેલિકોપ્ટર ક્રેશમાં અત્યાર સુધીમાં પાંચ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. એવું જાણવા મળ્યું છે કે હેલિકોપ્ટરમાં બે લોકો હતા અને અન્ય ત્રણ લોકો રસ્તા પર હતા. આ ત્રણ ગંભીર રીતે ઘાયલ છે અને તેમની સારવાર ચાલી રહી છે. આ ભયાનક દ્રશ્યનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. પોલીસ વિભાગની એક સોશિયલ મીડિયા પોસ્ટ મુજબ, હંટીંગ્ટન બીચ પોલીસ વિભાગ અને હંટીંગ્ટન બીચ ફાયર વિભાગે શનિવારે પેસિફિક કોસ્ટ હાઈવે અને હંટીંગ્ટન સ્ટ્રીટ પર થયેલા અકસ્માતની વિગતો આપી હતી. પોલીસે અહેવાલ આપ્યો છે.

# બિહારમાં ચૂંટણી વચ્ચે પ્રશાંત કિશોર મુશ્કેલીમાં ફસાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

જન સુરાજ પાર્ટીના સ્થાપક અને બિહાર વિધાનસભા ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર કરી રહેલા પ્રશાંત કિશોર વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. વૈશાલી જિલ્લાના રાઘોપુર પોલીસ સ્ટેશનમાં આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘન બદલ તેમની સામે ફરિયાદ નોંધાઈ છે.

આરોપ છે કે પ્રશાંત કિશોર શનિવારે જ્યારે રાઘોપુર પહોંચ્યા, ત્યારે તેઓ સેંકડો વાહનોના કાફલા સાથે હતા, જે આચાર સંહિતાનો ભંગ ગણાય છે. અંચલાધિકારીની અરજીના આધારે આ મામલો દાખલ કરવામાં આવ્યો છે.



પ્રશાંત કિશોરે શનિવારે આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવના ગઢ ગણાતા રાઘોપુર વિધાનસભા વિસ્તારથી પોતાના ચૂંટણી અભિયાનની શરૂઆત કરી. આ વિસ્તાર પટનાથી લગભગ ૫૦ કિલોમીટર દૂર ગંગાની બીજી પાર આવેલો છે અને તેજસ્વી યાદવનો પારંપરિક મતવિસ્તાર માનવામાં આવે છે. રાઘોપુરમાં કાર્યકર્તાઓએ ઢોલ-નગારા અને ફૂલ-હારથી પ્રશાંત કિશોરનું જોરદાર સ્વાગત કર્યું હતું.

પ્રશાંત કિશોરે રાઘોપુરના લોકોને સંબોધતા તેજસ્વી યાદવ પર આકરા પ્રહારો કર્યા. તેમણે કહ્યું, "તમારા ધારાસભ્ય (તેજસ્વી યાદવ) બે વખત નાયબ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે.

શું તેમણે ક્યારેય તમારી સમસ્યાઓ સાંભળી છે?" જેના જવાબમાં ઘણા ગ્રામજનોએ જણાવ્યું કે તેઓ તેજસ્વી યાદવને મળી પણ શકતા નથી.

રાઘોપુર રવાના થતા પહેલા પટનામાં પ્રશાંત કિશોરે દાવો કર્યો હતો કે તેઓ તેજસ્વી યાદવને તેમના જ ક્ષેત્રમાં અમેઠી જેવી હાર આપશે. તેમણે કહ્યું કે, " એવું સાંભળવામાં આવી રહ્યું છે કે તેજસ્વી યાદવ આ વખતે બે બેઠકો પરથી ચૂંટણી લડી શકે છે. જો તેમને ડર લાગતો હોય તો બે જગ્યાએથી લડી લે. પરંતુ રાઘોપુરમાં તેમની હાલત ૨૦૧૯માં રાહુલ ગાંધી જેવી થશે, જ્યારે તેઓ બે બેઠકો પરથી લડ્યા હતા અને અમેઠી હારી ગયા હતા."

જ્યારે પ્રશાંત કિશોરને પૂછવામાં આવ્યું કે શું તેઓ પોતે રાઘોપુર બેઠક પરથી તેજસ્વી યાદવ સામે ચૂંટણી લડશે, ત્યારે તેમણે સ્પષ્ટ જવાબ આપ્યો નહોતો. તેમણે કહ્યું, "જનસુરાજ પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક રવિવારે યોજાશે.

રાઘોપુરથી મળેલા પ્રતિસાદના આધારે સૌથી યોગ્ય ઉમેદવાર નક્કી કરવામાં આવશે. તે હું હોઈશ કે અન્ય કોઈ, તે કહેવું હાલ શક્ય નથી."

# છોકરીઓને રાતે ઘરની બહાર ન જવા દેવું જોઈએ



। (એજન્સી) કોલકાતા, તા.૧૩ ।

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં MBBSની વિદ્યાર્થિની સાથે હોસ્પિટલ પરિસરમાં થયેલા ગેંગરેપના મામલા બાદ હવે મુખ્યમંત્રી મમતા બેનરજીએ આજે એક વિવાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, છોકરીઓને રાતે ઘરની બહાર ન જવા દેવું જોઈએ. પશ્ચિમ બંગાળના પશ્ચિમ વર્ધમાન જિલ્લાની એક પ્રાઈવેટ મેડિકલ કોલેજની વિદ્યાર્થિની સાથે ગેંગરેપનો મામલો સામે આવ્યો છે.

છોકરી ઓડિસાની રહેવાસી છે અને તે રાતે પોતાના મિત્રો સાથે ડિનર કરવા માટે ગઈ હતી, ત્યારે અચાનક ત્રણ અજાણ્યા લોકો ત્યાં પહોંચ્યા અને મેડિકલ કોલેજના કેમ્પસમાં જ તેની સાથે ગેંગરેપ કર્યો. આ ઘટના દરમિયાન છોકરીનો મિત્ર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસે રવિવારે ત્રણ લોકોની ધરપકડ કરી છે. પોલીસે આ ઘટનામાં શંકાસ્પદ ભૂમિકાના કારણોસર એક અન્ય વ્યક્તિને પણ કસ્ટડીમાં લીધો છે.

હવે મમતા બેનરજીએ આ છોકરી સાથે થયેલા ગેંગરેપના મામલા બાદ મૌન તોડ્યું છે અને કહ્યું કે, છોકરીઓને રાતે ઘરની બહાર ન જવા દેવું જોઈએ. આ મામલે સરકારને ઢસેડવું યોગ્ય નથી. કારણ કે છોકરીની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી પ્રાઈવેટ મેડિકલ કોલેજની હતી.

પોલીસે ધરપકડ કરેલા ત્રણેય આરોપીઓની ઓળખ હજુ જાહેર નથી કરી. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અમે આ મામલે ત્રણ લોકોની ધરપકડ કરી છે અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે અને અમે આગળની જાણકારી બાદમાં આપીશું. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, ત્રણેય આરોપીઓના મોબાઈલ ફોન પણ જપ્ત કરી લેવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, દુર્ગાપુર સ્થિત પ્રાઈવેટ મેડિકલ કોલેજની આસપાસના ગામોમાં મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પોલીસે ઘટનાસ્થળની આસપાસના જંગલ વિસ્તારમાં રાતભર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું.આ વિસ્તારના જંગલોમાં સર્ચ માટે ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં

# સંધિવાના કેસમાં વધારો, વૃદ્ધો જ નહીં યુવાનો પણ પીડિત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

બેઠાડુ જીવન, સ્થૂળતા, આનુવંશિક્તાને પગલે હવે સંધિવાના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. હાલ પ્રત્યેક પાંચમાંથી એક વ્યક્તિ સંધિવાની સમસ્યા ધરાવે છે. દેશમાં દર વર્ષે આર્થરાઈટિસના ૧૦ લાખ નવા દર્દી નોંધાય છે. હવે ૪૦ વર્ષથી ઓછી વય ધરાવનારામાં આર્થરાઈટિસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે (૧૨ ઓક્ટોબર) આર્થરાઈટિસ ડે છે ત્યારે સંધિવાના વધતા કેસ અને યુવાનોમાં પણ તેનું વધતું પ્રમાણ ચિંતાનો વિષય બન્યા છે.

સંધિવા સામાન્ય રીતે વિવિધ સાંધાઓને અસર કરે છે અને તેની સાથે સાંધામાં દુખાવો પણ થાય છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે એક તીવ્ર જડતા સાથે સાંધાનો દુખાવો છે, જે પગને ખસેડવા પડકારરૂપ અને પીડાદાયક બનાવે છે. સંધિવાના સામાન્ય લક્ષણોમાં જડતા, સાંધામાં દુખાવો, સોજો મુખ્યત્વે સામેલ છે. લાંબા સમય સુધી સારવાર ન કરવામાં આવે તો સમસ્યા વકરી જાય છે. કેમકે, તે કાયમી સાંધામાં ફેરફારનું કારણ બની જાય તો તાત્કાલિક સારવાર જરૂરી બને છે.

આયુષ્ય વધવાની સાથે જ હાડકામાં ઘસારો થવાથી સંધિવા જેવી સમસ્યાનો પણ સામનો કરવો પડે છે. આ ઉપરાંત યુવાનોમાં પણ હવે સંધિવાનું પ્રમાણ વધ્યું છે. જેના માટે કસરતનો અભાવ, અનિયમિત જીવનશૈલી, ફાસ્ટફૂડ, મેદસ્વિતા જેવા પરિબળો જવાબદાર છે. સંધિવાની સમસ્યા ન થાય તે માટે પ્રત્યેક વ્યક્તિએ નિયમિત કસરત-વોકિંગ કરવું જોઈએ અને ફાસ્ટફૂડ-જંક ફૂડ જેટલું ઓછું કરવામાં આવે તે હિતાવહ છે. ડૉક્ટરોના મતે, હાઈ હીલના ચપ્પલ ફેશનનો ભાગ ભલે હોય પણ તે સંધિવા કરાવી શકે છે. તેને લાંબો સમય પહેરવાથી ઘૂંટણ અને નિતંબમાં વધારે પડતું દબાણ આવવા લાગે છે અને તેનાથી આગળ જતાં સંધિવા થઈ શકે છે. આ પ્રકારના ચપ્પલ પહેરવાથી સહેજ પણ તકલીફ પડી રહી હોય તો તેને ટાળવા જોઈએ.

મેનોપોઝ બાદ એસ્ટ્રોજન લેવલ ઘટી જાય છે. એસ્ટ્રોજનથી ઈન્ફ્લેમેશન સામે લડવામાં મદદ મળે છે. એસ્ટ્રોજન ઘટતા સંધિવાનું જોખમ વધી જાય છે. આ ઉપરાંત મહિલાઓના સાંધા વધારે લવચીક હોય છે.

# કાલે તાજમહલ અને લાલ કિલ્લો પણ વક્ફ સંપત્તિ જાહેર કરી દેશે : હાઈકોર્ટ

## દાનમાં મળેલી જમીન કોલેજે વેચી દીધી, જમીનના ભાવ વધતા કેરળ વક્ફ બોર્ડે ૬૯ વર્ષે તેને વક્ફ સંપત્તિ જાહેર કરી હતી

। (એજન્સી) કોચ્ચી, તા.૧૩ ।

કેરળ હાઈકોર્ટે મુનંબમ વક્ફ ભૂમિ વિવાદ પર આકરી ટીપ્પણી કરતા રાજ્ય વક્ફ બોર્ડની ઝાટકણી કાઢી છે. કેરળ હાઈકોર્ટે ચેતવણી આપી કે કોઈપણ સંપત્તિને યોગ્ય પ્રક્રિયા વિના વક્ફ જાહેર કરવાની મંજૂરી અપાય તો તાજમહલ, લાલ કિલ્લો, વિધાનસભા ભવન અથવા હાઈકોર્ટની ઈમારતને પણ વક્ફ સંપત્તિ જાહેર કરી દેવામાં આવે. આ સાથે હાઈકોર્ટે મુનંબમ જમીનને વક્ફ જાહેર કરવાના કેરળ વક્ફ બોર્ડના નિર્ણય પર સવાલ ઉઠાવતા તેને જમીન પચાવી પાડવાનું કાવતરું ગણાવ્યું હતું. કેરળ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુશ્રુત અરવિંદ ધર્માધિકારી અને ન્યાયાધીશો શ્યામ કુમાર વીએમની બેન્ચે સ્ટેટ ઓફ કેરળ વિરુદ્ધ કેરળ વક્ફ સંરક્ષણ વેધી કેસમાં ચૂકાદો સંભળાવતા વિવાદાસ્પદ જમીનની માલિકીની ભાળ મેળવવા માટે તપાસ પંચ નિમવાના સરકારી આદેશને જાળવી રાખ્યો હતો. બેન્ચે કહ્યું કે, અનિવાર્ય પ્રક્રિયા અને વક્ફ કાયદા ૧૯૫૪ તથા ૧૯૯૫ની જોગવાઈઓના પાલનના અભાવમાં સંબંધિત સંપત્તિને ક્યારેય પણ વક્ફ સંપત્તિ તરીકે વર્ગીકૃત કરી શકાય નહીં.



બેન્ચે કહ્યું કે, વિવાદાસ્પદ જમીન વક્ફ તરીકે નોટિફાઈ કરવી એ વક્ફ કાયદા ૧૯૫૪ અને ૧૯૯૫ની જોગવાઈઓની વિરુદ્ધ છે તથા કેરળ વક્ફ બોર્ડનું આ પગલું જમીન પચાવી પાડવાના કાવતરાં સમાન છે. બેન્ચે કહ્યું કે, આ પગલાથી એવા સેંકડો પરિવારો અને વાસ્તવિક રહેવાસીઓની આજીવિકા પર અસર થઈ છે, જેમણે વક્ફ સંપત્તિ નોટિફાઈ થયાના દાયકાઓ પહેલા જમીન ખરીદી હતી. કેરળ હાઈકોર્ટે કહ્યું કે, ન્યાયતંત્ર આવી મરજીમુજબની વક્ફ જાહેરાતોને કાયદેસર માન્યતા આપે તો કાલે કોઈપણ ઈમારતો પછી તે તાજમહલ, લાલ કિલ્લો, વિધાનભવન અથવા સ્વયં આ અદાલત કેમ ના હોય તેને વક્ફ જાહેર કરી દેવાશે. આ પ્રવૃત્તિ બંધારણની કલમ ૩૦૦-એ હેઠળ નાગરિકોના સંપત્તિના અધિકાર, કલમ ૧૯ હેઠળ વેપારની સ્વતંત્રતા અને કલમ ૨૧ હેઠળ જીવન અને આજીવિકાના અધિકાર માટે જોખમી છે. બેન્ચે કહ્યું કે, બંધારણીય જવાબદારીઓ હેઠળ કોઈપણ કોર્ટ આવી કાલ્પનિક અને વિલંબિત શક્તિઓના પ્રયોગને મંજૂરી આપી શકે નહીં.

મુનંબમની આ જમીન ૧૯૫૦માં સિદ્દીક સૈદ નામની વ્યક્તિએ ફારુક કોલેજને દાનમાં આપી હતી. તે સમયે જમીનનું કુલ ક્ષેત્રફળ ૪૦૪.૭૬ એકર હતું, જે સમુદ્રી કાપના કારણે ઘટીને ૧૩૫.૧૧ એકર રહી ગયું છે. આ જમીન પર પહેલાથી જ અનેક લોકો રહેતા હતા અને કોલેજ મેનેજમેન્ટે આ જમીન આ રહેવાસીઓને વેચી દીધી હતી. આ વેચાણ દસ્તાવેજોમાં ક્યાંય પણ જમીન વક્ફ હોવાનો ઉલ્લેખ નહોતો, પરંતુ લગભગ ૬૯ વર્ષ પછી ૨૦૧૯માં કેરળ વક્ફ બોર્ડે અચાનક આ જમીનને વક્ફ સંપત્તિ જાહેર કરી દીધી અને જૂના વેચાણ સોદાને ગેરકાયદે ગણાવ્યો હતો.

# તાલિબાને જમ્મુ-કાશ્મીરને ભારતનો હિસ્સો ગણાવતા પાકિસ્તાન લાલઘૂમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

પાકિસ્તાને ભારત-અફઘાનિસ્તાનના સંયુક્ત નિવેદનનો સખત વિરોધ વ્યક્ત કર્યો છે અને ઈસ્લામાબાદમાં તૈનાત અફઘાન રાજદૂતને બોલાવીને ઔપચારિક રીતે પોતાનો વાંધો નોંધાવ્યો છે. પાકિસ્તાને પોતાના નિવેદનમાં જમ્મુ અને કાશ્મીરને ભારતના ભાગ તરીકે વર્ણવવા સામે વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, આ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવોનું ઉલ્લંઘન કરે છે. અફઘાન વિદેશ મંત્રી મૌલવી આમીર ખાન મુત્તાકીની ભારત મુલાકાત પછી જાહેર કરાયેલા ભારત-અફઘાનિસ્તાન સંયુક્ત નિવેદન પછી પાકિસ્તાનની આ પ્રતિક્રિયા સામે આવી છે.



પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સંયુક્ત નિવેદનમાં જમ્મુ અને કાશ્મીરને ભારતનો ભાગ જાહેર કરવું એ સંબંધિત સંયુક્ત રાષ્ટ્રના ઠરાવો અને જમ્મુ અને કાશ્મીરની કાનૂની સ્થિતિની વિરુદ્ધ છે. તે ભારતના ગેરકાયદે કબજા હેઠળ જમ્મુ અને કાશ્મીરના લોકોના બલિદાન અને લાગણીઓ પ્રત્યે અસંવેદનશીલ છે.

પાકિસ્તાને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીના એ નિવેદનનું પણ ખંડન કર્યું જેમાં તેમણે કહ્યું હતું કે, આતંકવાદ પાકિસ્તાનની આંતરિક સમસ્યા છે. પાકિસ્તાને દાવો કર્યો હતો કે તેણે વારંવાર અફઘાનિસ્તાનને અફઘાન ધરતી પરથી પાકિસ્તાન વિરુદ્ધ કાવતરું ઘડતા આતંકવાદી જૂથો વિશે માહિતી પૂરી પાડી છે. અફઘાનિસ્તાનની વચગાળાની સરકાર આતંકવાદને નિયંત્રિત કરવાની જવાબદારીમાંથી પોતાને મુક્ત કરી શકે નહીં. પાકિસ્તાનમાં રહેતા અનધિકૃત અફઘાન નાગરિકો માટે તેમના દેશમાં પાછા ફરવાનો સમય આવી ગયો છે.

૧૦ ઓક્ટોબરે વિદેશ મંત્રી એસ. જયશંકર અને અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી વચ્ચેની વાતચીત બાદ જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનમાં પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને આતંકવાદ વિરોધી સહયોગ પર ચર્ચા કરવામાં આવી હતી. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે અફઘાનિસ્તાનની નિંદા અને ભારત સાથે એકતા બદલ ભારતે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## તંત્રી લેખ...

# એમવાય સમીકરણ કોના પક્ષે રહેશે

બિહારમાં વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ચૂક્યું છે. રાજકીય પક્ષો રણનીતિ બનાવી રહ્યા છે. બિહારના મતદારો મહાગઠબંધન પર ભરોસો મુકશે કે એનડીએને ફરીથી વિજય બનાવશે એની ચર્ચા થઈ રહી છે. પ્રશાંત કિશોર કોના મત તોડશે એની ચર્ચા પણ થઈ રહી છે. બિહાર ચૂંટણીની વાત જ્યારે પણ થાય છે ત્યારે મુસ્લિમ અને યાદવ (એમવાય) સમીકરણની ચર્ચા સૌથી વધારે થાય છે. આ વખતે એમવાય સમીકરણ અગાઉની ચૂંટણી કરતા અલગ છે. આ વખતે એમનો મતલબ મહિલા અને વાયનો મતલબ યુવા મતદારો છે. આ બંને મતદારોને રીઝવવા માટે દરેક પક્ષ પોતની નીતિ બનાવી રહ્યા છે. મુખ્યમંત્રી નિતિશકુમારએ મહિલાને આકર્ષિત કરવા વિવિધ યોજનાઓ લાગુ કરી છે. બીજી તરફ મહિલા ઉમેદવારોને આકર્ષિત કરવા તેજસ્વી યાદવ અને પ્રશાંત કિશોર પણ પ્રયત્ન કરી રહ્યા છે.

બિહારની વિધાનસભા ચૂંટણીમાં સૌથી વધારે રોમાંચક મુકાબલો મોકામા વિધાનસભામાં જોવા મળશે. જેલમાં રહીને મોકામા બેઠક અપક્ષ તરીકે જીતનાર સૂરજભાનસિંહના મતવિસ્તારમાંથી સતત પાંચવાર જીતેલા અનંતસિંહના એક નિવેદનથી ગુસ્સામાં છે. હવે અનંતસિંહને હરાવવા માટે સુરજભાનસિંહ ફરીથી મોકામામાંથી ચૂંટણી લડશે. ૨૦૦૦ના વર્ષમાં મોકામામાંથી અનંતના મોટા ભાઈ દિલીપસિંહને મોટા માર્જિનથી હરાવીને સુરજભાન ધારાસભ્ય બન્યા હતા. અનંતે જેડીયુના ઉમેદવારોનું લીસ્ટ બહાર પડતા પહેલા જ નોમીનેશન ભરવાની જાહેરાત કરી દીધી છે. સૂરજભાનનું કુટુંબ આરજેડી સાથે જોડાઈ રહ્યું હોવાની ચર્ચા છે. એવી પણ વાત છે કે, મુંગેરમાંથી સાંસદ રહી ચૂકેલી એમની પત્ની વિણાદેવી મોકામામા પતિનો વારસો સંભાળવા ચૂંટણીમાં ઝંપલાવશે.

નોબેલ પીસ પ્રાઈઝ ૨૦૨૫ માટે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ઘણા ધમપછાડા કર્યા પછી નોબેલ એવોર્ડ વેનેઝુએલાના વિરોધ પક્ષના નેતા મારિયા કોરીના મચાડોને આપવામાં આવ્યો છે. આ એવોર્ડની જાહેરાત થતા જ એક તરફ મારિયાને વિશ્વભરમાંથી શુભેચ્છા મળી રહી છે પરંતુ નવાઈ લાગે એવી વાત છે કે કેટલાક સંગઠનો મારિયાને આપવામાં આવેલો નોબેલ એવોર્ડ પરત લઈ લેવા માંગણી કરી રહ્યા છે. વેનેઝુએલામાં પણ એમને શાંતિ પુરસ્કાર આપવાનો વિરોધ થઈ રહ્યો છે. દેશમાં લોકશાહીની સ્થાપના માટે તેઓ વર્ષોથી અહીંસક આંદોલન ચલાવી રહ્યા છે. જોકે મારિયા સામ્યવાદી વિચારધારાની સંપૂર્ણ વિરોધમાં છે અને એટલે જ મારિયાને મળેલા એવોર્ડથી સામ્યવાદીઓ નારાજ થઈ ગયા છે. એમના વિરોધીઓનું કહેવું છે કે મારિયા અમેરિકાના જમણેરી વિચારકોની નજીક રહ્યા છે. મારિયા વેનેઝુએલા સરકાર પર લાદવામાં આવેલા વિદેશી પ્રતિબંધોની તરફેણ કરે છે. અમેરિકાના મુસ્લિમ સિવિલ રાઈટ ગુરપ કાઉન્સિલ ઓન અમેરિકન ઈસ્લામિક રિલેશન (સીએઆઈઆર)એ પણ મારીયાને અપાયેલા એવોર્ડનો વિરોધ કર્યો છે. સીએઆઈઆરનું કહેવું છે કે, મારિયા ઈઝરાઈલના મુસ્લિમ વિરોધી એજન્ડાને ટેકો આપે છે. મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી અજીત પવારનું કહેવું છે કે, ધારાસભ્ય સંગ્રામ જગતાપના નિવેદનને કારણે એમને કારણદર્શક નોટીસ આપવામાં આવશે. ધારાસભ્ય સંગ્રામ જગતાપે લોકોને અપીલ કરી હતી કે દિવાળીમાં ફક્ત હિન્દુ દુકાનદારો પાસેથી જ ખરીદી કરે. જગતાપનું આ નિવેદન ખૂબ વાયરલ થયું છે. જગતાપે ત્યાર પછી પહેલગામ આતંકવાદી હુમલાનો દાખલો આપીને પોતાનું નિવેદન સાચુ હોવાનું કહ્યું છે. જોકે એમના પક્ષના નેતા અજીત પવારને ધારાસભ્યનું આ નિવેદન પસંદ આવ્યું નથી. એમનું કહેવું છે કે ધારાસભ્યનું નિવેદન પક્ષની વિચારધારાને અનુરૂપ નથી. અજીત પવારે કહ્યું છે કે, 'જગતાપનું નિવેદન સંપૂર્ણ રીતે ખોટું છે. પક્ષની વિચારધારા પહેલેથી નક્કી થઈ ચૂકી છે. પક્ષના કોઈ પણ ધારાસભ્યોએ આવા નિવેદનો કરવા જોઈએ નહીં. સંગ્રામ જગતાપ અહમદનગરના ધારાસભ્ય છે.

# ઓઝોન પોલ્યુશન : દેશમાં ફેલાઈ રહી છે નવી ક્લાઈમેટ ક્રાઈસિસ

દિવાળી નજીક આવતા જ અને શિયાળાની શરૂઆતના પડઘમ સાથે જ સમગ્ર દેશમાં પ્રદૂષણની સમસ્યા વકરવા લાગે છે. આમ તો દેશના મોટાભાગના રાજ્યોમાં ઓછા વત્તા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાયેલું જ છે પણ શિયાળામાં તે વધારે અનુભવાય છે. તેમાંય જે લોકો દિલ્હી, એનસીઆરમાં રહે છે તેમના માટે તો આ પ્રદૂષણ નેક્સ્ટ લેવલની સમસ્યા છે. લોકો ઘણા વખતથી આ પ્રદૂષણ ભોગવી રહ્યા છે અને કદાચ આગામી સમયમાં પણ ભોગવવું પડશે. આ પ્રદૂષણ સાથે સંકળાયેલી નવી સમસ્યાઓ જન્મ લીધો છે. જાણકારી એવી છે કે, દેશના ઘણા શહેરોમાં ઓઝોન પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના એક અહેવાલ અંગે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે પણ ચિંતા વ્યક્ત કરી છે કે આ સમસ્યા વકરી રહી છે.



જાણકારોના મતે આ સમસ્યાથી માત્ર માણસો અને પ્રાણીઓ જ નહીં પણ તેનાથી વૃક્ષો અને ખેતીને પણ મોટું નુકસાન થવાની શક્યતાઓ રહેલી છે. ઓઝોનનું સ્તર વધારતા આ ઝેરી ગેસ માત્ર શહેરોને જ નુકસાન કરશે તેવું નથી. આ ગેસ લાંબા અંતર સુધી ફેલાય છે તેથી તે ગમે ત્યાં પહોંચી શકે છે. તેનાથી ગ્રામ્ય વિસ્તારોને પણ નુકસાન થવાની શક્યતાઓને નકારી શકાય નહીં. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અહેવાલ પ્રમાણે દિલ્હી-એનસીઆર અને મુંબઈ જેવા મોટા શહેરમાં ગ્રાઉન્ડ લેવલ ઓઝનનું સ્તર અને પ્રદૂષણ ભયાનક સ્તરે વધી રહ્યું છે. એનજીટી દ્વારા આ મુદ્દે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. એનજીટીએ સરકાર અને અન્ય એજન્સીઓને આ મુદ્દે ઝડપથી કામગીરી કરવાની અને યોગ્ય પગલા લેવાની જાણ કરી છે. સીપીસીબીના અહેવાલમાં જણાવાયું છે કે, દિલ્હી-એનસીઆરના ૫૭માંથી ૨૫ સ્ટેશનો ઉપર જ્યારે મુંબઈના ૪૫માંથી ૨૨ સ્ટેશનો ઉપર આઠ કલાકની સમય મર્યાદામાંથી મોટાભાગના સમયે ઓઝોન પ્રદૂષણ જોવા મળ્યું હતું. વાહનો, વીજળીઘરો, ઓદ્યોગિક એકમોથી નીકળતા ધુમાડા, નાઈટ્રોજન ઓક્સાઈડ, વીઓસી અને કાર્બન મોનોક્સાઈડના કારણે સૂર્યના પ્રકાશમાં રાસાયણિક પ્રક્રિયા થઈ રહી છે અને તેના પગલે ઓઝોનનું સ્તર વધી રહ્યું છે. આ ગેસ શ્વાસની સમસ્યા, ખાસ કરીને અસ્થમા અને દમના દર્દીઓને મુશ્કેલી વધારે છે, ખેતીને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. સીએસઈ એટલે કે સેન્ટર ફોર સાયન્સ એન્ડ એનવાર્યનમેન્ટના એક અભ્યાસ ઉપરથી આ અહેવાલ તૈયાર કરાયો હતો. અહેવાલમાં જણાવાયું છે કે, ગ્રાઉન્ડ લેવલ ઓઝોનમાં ભયાનક સ્તરે વધારો થયો છે. આ ઓઝોન ગેસ શ્વાસ સંબંધિત સમસયાઓ અને પર્યાવરણની હાનિ સાથે પણ જોડાયેલું છે. તેના કારણે વ્યાપક નુકસાન થાય તેમ છે. જાણકારોએ ચેતવણી આપી છે કે, ગરમી અને સૂર્ય પ્રકાશ ઓઝોનના નિર્માણને ઝડપી બનાવે છે. હાલમાં જોવા જઈએ તો મોટા શહેરોના કેટલાક વિસ્તારો તેના હોટસ્પોટ બની ગયા છે. એનજીટીએ આ મુદ્દે પર્યાવરણ મંત્રાલય અને સીપીસીબીને ગંભીરતા દાખવવા અને તાકીદે પગલા લેવા પણ ટકોર કરી છે. તેના માટે એક વિશેષ સમિતીની રચના કરવાનો પણ પ્રસ્તાવ મુક્યો છે. આ રિપોર્ટમાં એવું પણ કહેવાયું છે કે, પર્યાવરણ, વન અને જળવાયુ મંત્રાલય તથા સીબીસીબીએ ઓઝોન તથા તેના કારકોને નિયંત્રિત કરવા માટે ચોક્કસ ઉપાય કરવા પડશે. તે સિવાય આ કારણો અને કારકોનો અભ્યાસ કરીને તેને ડામવાના ઉપાયો પણ શોધવાની તાકીદ કરાઈ છે. જાણકારોના મતે દર વર્ષે થતું વાયુ પ્રદૂષણ અને હવે વકરી રહેલું ઓઝોન પ્રદૂષણ ખૂબ જ જુદા છે. સામાન્ય વાયુ પ્રદૂષણમાં મુખ્યત્વે વાતાવરણમાં પાર્ટિક્યુલેટ મેટર ૨.૫ માઈક્રોનથી નાના હોય તેને ગણીએ છીએ.

## ભગવાન રામનો સ્વભાવ એવો છે કે કોઈ રામનો અપરાધ કરે તો રામને પીડા નથી થતી

# ઈતિહાસના પાના ખોલીએ તો રામથી શરૂ કરીને સૌ પર અપરાધ નો આરોપ લાગ્યો છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**જેમ કે વાલીને છુપાઈને કેમ માર્યો? જાનકીની અગ્નિ પરીક્ષા કેમ કરી સગર્ભા સ્થિતિમાં સીતાજીને બીજી વાર વનમાં કેમ મોકલ્યા!; બૌદ્ધિક લોકો પણ તર્ક કરીને આજ સુધી આ વિષય છંદ છેડે છે રામને વિષ્ણુનો અવતાર પણ માનવામાં આવ્યા છે ઈશ્વર આવી બધી તપસ્યાથી નથી મળતાં, બુદ્ધ બુદ્ધુ છે, ત્યાં સુધીનો આરોપ લાગ્યો**

માનસ અપરાધની સાતમા દિવસની કથામાં પ્રવેશતા પૂજે બાપુએ સીધાં વિષયમાં પ્રવેશતાં કહ્યું કે દેવગુરુ બૃહસ્પતિ ઈન્દ્રને કહે છે કે ભગવાન રામનો સ્વભાવ એવો છે કે કોઈ રામનો અપરાધ કરે તો રામને પીડા નથી થતી, ગુસ્સો નથી આવતો, પરંતુ જો કોઈ ભક્તનો અપરાધ કરે તો, રામ રોષાગ્નિમા બળીને ભસ્મ થઈ જાય છે. આપણે આ માનસ અપરાધના વિષયથી જાગૃતિ અને સાવધાની રાખી વર્તમાનમાં જીવીએ, તો ભવિષ્ય પણ ઉજવળ થાય. ઈતિહાસના પાના ખોલીએ તો રામથી શરૂ કરી અને બધા પર અપરાધનો આરોપ લાગ્યો છે. જેમ કે વાલીને છુપાઈને કેમ માર્યો? જાનકીની અગ્નિ પરીક્ષા કેમ કરી સગર્ભા સ્થિતિમાં સીતાજીને બીજી વાર વનમાં કેમ મોકલ્યા!; બૌદ્ધિક લોકો પણ તર્ક કરીને આજ સુધી આ વિષય છંદ છેડે છે રામને વિષ્ણુનો અવતાર પણ માનવામાં આવ્યા છે, તો વિષ્ણુ પર પણ આરોપ લાગ્યો ભગવાનની સુખલામાં કૃષ્ણ પાસે જાઓ તો અપરાધના આરોપની હારમાળા સર્જાઈ છે. પક્ષપાત કર્યો, વચન તોડ્યું, મથુરાને છોડીને ભાગી ગયો, ચોરીનો આરોપ, બુદ્ધ પાસે જાઓ તો આંગળી ઉઠી કે મધ્યરાત્રીએ પોતાની પત્ની અને પોતાના બાળકને છોડીને ભાગી ગયાં, ઈશ્વર આવી બધી તપસ્યાથી નથી મળતાં, બુદ્ધ બુદ્ધુ છે, ત્યાં સુધીનો આરોપ લાગ્યો. સાર્વજનિક એમને અપરાધી બતાવવાની કોશિશ કરવામાં આવી કે બુદ્ધ તો ઈશ્વરને જ નકારે છે, બુદ્ધ આત્માને નકારે છે. મહાવીરની વાત કરીએ તો એમને પણ આત્માને નકાર્યો. જિસસ ક્રાઈસ્ટ પ્રેમ દેવને નામે યુવકોને બગાડી રહ્યા છે, ઈસાઈ ધર્મની બિલકુલ વિરુદ્ધ કામ કરી રહ્યાં છે. પોતાની જાતને ઈશ્વર પિતાનાં એકનાં એક પુત્ર ઘોષિત કરી બીજાનું અપમાન કરે છે. સેક્રેટિસ પર યુવાનોને ભટકાવવાનો આરોપ લગાવીને ઝેર પીવડાવ્યું. મનસૂર પર અનલહક એટલે કે હું જ ઈશ્વર છું, એટલે એને શૂળી પર ચડાવ્યા. છ સો વર્ષ પહેલાં નરસિંહ પર ભગવાન ભક્તિ નામે કંઈ જાણતા નથી અને પ્રપંચ કરવાનો આરોપ લાગ્યો. મીરા પર મર્યાદા ભંગનો આરોપ લાગ્યો. ઈતિહાસ તો આવો છે, અને છતાં એમણે લોકોની મુક્તિ માટે પ્રભુ પ્રાર્થના કરી, તો આ જગત આવું છે.

ત્રણ દિવસથી સાધુનાં લક્ષણો કયા છે? એવો પ્રશ્ન ઘણા યુવાન ભાઈ બહેનો પૂછે છે, આપણે કોને સાધુ સમજવા? સાધુની ઓળખ કઈ? સાધુને ઓળખવાના સંકેતો બતાવો. જે તપસ્વી છે તપસ છે, એ સાધુ. પછી એને ગમે તે વેશ ધારણ કર્યો હોય! પરંતુ તાપસ કોને કહીશું 21મી સદીમાં તાપસ કોણ? તો વ્યાસપીઠ જવાબદારી સાથે કહેવા માંગે છે કે, વિશ્વમાં સૌથી વધારે સહન કરે એ તપાસ! વર્તમાન યુગમાં જે સાધુ હશે એણે સૌથી વધારે સહન કર્યું હશે.

ગણવેશનો ચોક્કસ મહિમા છે, પરંતુ સાધુ વસ્ત્રથી નહીં વૃત્તિથી પરખાય છે કે એની વૃત્તિ કેવી છે! એના પરથી ઓળખાય છે. મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું લખનાર ચિત્ર ભાનુ, એક જૈન ધર્મના સાધુ હતાં. એમણે સાધુવેશ છોડી અને એક સ્ત્રી સાથે લગ્ન કરી લીધાં, ન્યુયોર્ક ચાલ્યા ગયાં. એમને જ્યારે પૂછવામાં આવ્યું કે આપ જૈન આચાર્ય, આપની આટલી પ્રતિષ્ઠા, આપે સમાજને આવો ઝટકો કેમ આપ્યો? એ વખતે એમણે કહ્યું કે મને વેશના સાધુ થવા કરતા વૃત્તિના સાધુ બની રહેવું વધારે સારું લાગે છે.

પરમાત્મા સર્વ સ્થળે સમાન રૂપે છે, એનો અનુભવ કરી ચૂકેલાને સાધુ સમજવા. બે વસ્તુ જાણે એ સાધુ, જે જાણે છે કે ઈશ્વર વ્યાપક છે અને એ વ્યાપક ને પ્રગટ કેવી રીતે કરી શકાય! અને બીજું પ્રેમ સિવાય બીજો કોઈ ઉપાય નથી વ્યાપક બ્રહ્મને વ્યક્ત કરવાનો આ બે વાત જાણે એ સાધુ.

વ્યાસપીઠ ઉમેરે છે કે ઈશ્વર તત્વ વ્યાપક છે, એ જાણવું પૂરતું નથી એને કંઈક કરવું પડશે, સૌનું કલ્યાણ કરવા માટે જે આગળ આવે એ સાધુનું લક્ષણ છે. માનસને આધારે કહીએ તો 'તાત ભરત બિધી સાધુ', ગોસ્વામીજીએ કહ્યું ભારત આપ સર્વ પ્રકારે સાધુ છો, ભરત સાધુ છે, વિશ્વનું ભરણપોષણ કરે, એ ભરત જે સમાજનું શોષણ ન કરે સમાજનું પોષણ કરે એ સાધુ. જે ઊંચાઈએથી માણસ નાનો દેખાય એ ઊંચાઈ કોઈ કામની નથી. મહામુનિ વિનોબાજી કહ્યા કરતાં હતાં, કે આપણા દેશમાં આટલી ઊંચી વિભૂતિઓ, આટલી પ્રગલ્ભ હસ્તીઓ થઈ છે, પરંતુ એ એટલી ઊંચાઈ પર રહી, કે આમ આદમી ત્યાં જઈ ન શક્યાં, અને એ નીચે આવી ન શક્યા.

રામચરિત માનસમાં કૌશલ્યા ને પણ સાધુ કહ્યા, પુરુષ સ્ત્રીમાં સાધુ નો કોઈ ભેદ નથી. સમસ્ત મમતા ને સમેટીને કોઈને બતાવવા ન દે, અને સમતાને વ્યવહારમાં સ્થાપિત કરી દે,એ કૌશલ્યા છે. કોઈપણ સાધુ હોય, મમતા તો હોય જ છે, સાહેબ! પરંતુ મમતાને ખબર ન પડે એવી રીતે સમતાનો વ્યવહાર કરે.

સાધુ એટલે જે આક્રમક નથી, ભીષણ નથી, જેનો કોઈને ભય ના એ સાધુ છે. ઈશ્વર કે સ્વર્ગને નામે પણ ભયભીત કરે, એ ધર્મચાર્ય હોઈ શકે, પણ સાધુ નથી. હનુમાનજી કહે છે સુગ્રીવને અભય કરો, આપ સાધુ છો! સાધુ સમાજને નિર્ભય કરે, ધર્મને નામે ડરાવતા હોય ત્યાં સાધુ સાવધાન કરે, પણ આક્રમક ન બને, એ સૌમ્ય અને શીલવંત હોય એ સાધુ. કહુ તજિ રોષુ રામ અપરાધૂ
સબ કોઉ કહઈ રામુ સુઠિ સાધૂ.

મહારાજ દશરથના આ શબ્દો છે કૈકેયીના કોપ ભવનમાં મંથરા એ બાજી બગાડી નાખી, ત્યારે મહારાજ દશરથજીના મુખે રામના સોગન લેવડાવ્યા, અને મંથરા એ કહ્યું એમ કૈકેયી એ કર્યું, એટલે સત્સંગ ના થાય તો એટલી ચિંતા નથી, પરંતુ કુસંગથી બચજો. ભરત જેવા સંતને જેણે જન્મ આપ્યો છે, એવી માં કૈકેયીની બુદ્ધિ મંથરાનાં કુસંગથી બગડી. અપરાધી બચવું હોય તો હલકા લોકોનો સંગ ન કરો ઉદાસ રહો, અપેક્ષા પણ ન કરો. તમારી પાસે ભજનની સંપદા હોય તો થોડા ભજનથી સૌના કલ્યાણ માટે થોડી દુઆ કરો. તો સાધુપુરુષ કોણ છે? જે બધું પોતાની ઉપર લઈ લે, મારી ભૂલ છે, મારી ભૂલ થઈ ગઈ, મારાથી કોઈ અપરાધ થઈ ગયો હશે, મારા પિતા તો ગુણના સાગર છે, મારા પિતાની આ દશા મારા અપરાધને કારણે હશે, એ કહી નથી શકતા, એટલે દુઃખી છે, વગેરે વગેરે રામના મોઢે રામચરિત માનસમાં બોલાવે છે. કરહુ રામ પર સહજ સનેહુ,
કેહિ અપરાધ આજ બનુ દેહુ.

રાઘવ તું તો માતા-પિતા બધું સૌને સુખ આપનાર છે, તું અપરાધને યોગ્ય છે જ નહીં. આ કૈકેયી ભવનમાં આવેલી ઋષિ પત્નીઓનું વક્તવ્ય છે.

દુનિયાના સમસ્ત સાધુઓએ લોકકલ્યાણ માટે લીધેલા નિર્ણય પર મેં આજની કથા ને ભૂમિકા બનાવી અને બિન અપરાધી પર અપરાધ લાગે એ સાધુ છે સાધુ કેવું સમાધાન લેશે. નિયતિ પરમાત્મા ની ગતિ અતિ વિચિત્ર હોય છે એને યોગ્ય રીતે યથાવત જાણનારા કોણ હોય છે માટે સૌનું કલ્યાણ ઈચ્છે છે. કથાના ક્રમમાં શિવ વિવાહ પછી રામ જન્મ સુધીની કથા કરી સાતમા દિવસની કથા અને વિરામ આપ્યો.



## ભીલોએ ભરતજીને નવડાવ્યા, ફૂલની માળા પહેરાવી સુંદર પકવાનો ભોજન માટે આપ્યા

# ખોટું સ્વપ્ન રડાવે છે તેમ આ ખોટું જગત પણ મનુષ્યના જીવને રડાવે છે





વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મન.મનને શક્તિ આપે છેબુદ્ધિ અને બુદ્ધિને ચેતન આપનાર હું આત્મા છું. શરીરના ધર્મો મને લાગુ પડતા નથી હે રાજા,કીડીમંકોડી મારા પગ નીચે ન કચડાય એટલે હું આમ ચાલું છું. જીવજંતુ બચાવવા હું કૂદકો મારું છું.આ કીડીમાં પણ પરમાત્મા છે તેથી હું કીડીઓ અને બીજા જીવજંતુઓનો ખ્યાલ રાખી ચાલું છું કે કોઈ કચડાઈ ન જાય. એટલે મારી ચાલ જેવી છે એવી જ રહેશે**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો હે રાજા, વિકારવાળી સર્વ વસ્તુ ઓ આદિ અંતવાળી હોય છે. જે જન્મ્યા તે બધા મૃત્યુ પામવાનાછે આ શરીર તો મુડદા સમાન જડ છે જ.હે રાજા,શરીર અને આત્મા જુદા છે શરીરના ધર્મો જુદા છે.આત્મા નિર્લેપછે.આત્માએ મનનો દૃષ્ટાછે સાક્ષી છે.જ્ઞાની પુરુષો ઈશ્વર સિવાય કોઈને સત્ય સમજતા નથી.સર્વ જીવોમાં પરમાત્મા છે. આમાં રાજા કોણ અને સેવક કોણ?વ્યવહાર દૃષ્ટિએ આ ભેદ છે.બાકી તત્ત્વદૃષ્ટિએ તો તું અને હું એક જ છીએ.

હે રાજા, એક ઈશ્વર જ સત્ય છે. તેં કહ્યું કે,હું તને સજા કરીશ,પણ શરીરને માર પડશેતેથી મારી ચાલ સુધરશે નહીં.આ તો બધા શરીર ના ધર્મો છે. શરીરને માર પડે તેથી હું સુખીદુ:ખી થતો નથી. શરીરને શક્તિ આપે છે મન.મનને શક્તિ આપે છેબુદ્ધિ અને બુદ્ધિને ચેતન આપનાર હું આત્મા છું. શરીરના ધર્મો મને લાગુ પડતા નથી હે રાજા,કીડીમંકોડી મારા પગ નીચે ન કચડાય એટલે હું આમ ચાલું છું. જીવજંતુ બચાવવા હું કૂદકો મારું છું.આ કીડીમાં પણ પરમાત્મા છે. તેથી હું કીડીઓ અને બીજા જીવજંતુઓનો ખ્યાલ રાખી ચાલું છું કે કોઈ કચડાઈ ન જાય. એટલે મારી ચાલ જેવી છે એવી જ રહેશે.

જડભરતનાં આવા વિદ્વતાભર્યા વચનો સાંભળીને રાજાને થયું કે, નક્કી આ પાગલ નથી,પરમહંસ છે. આ કોઈ જ્ઞાની મહાત્મા લાગે છે.આ કોઈ અવધૂત સંત છે. વેદાંતના કઠિન સિદ્ધાંત એ સમજે છે.એની બ્રહ્મનિષ્ઠા અલૌકિક છે. મેં તેનું અપમાન કર્યું તે ભૂલ કરી એટલે ચાલતી પાલખીમાંથી રાજા કૂદી પડે છે, અને જેને એ સજા કરવાનું કહેતો હતો તેને હવે વંદન કરે છે.

ભરતજીની નિર્વિકાર અવસ્થા છે રહુગણે અપમાન કર્યું ત્યારે અને રાજાએ માન આપ્યું ત્યારે પણ ભરતજીની એક જ સમ સ્થિતિ છે. નહીં ક્રોધ, નહીં દુઃખ,નહીં સુખ. સંતની પરીક્ષા મનો વૃત્તિથી થાય છે,કપડાંથી નહીં. માન મળ્યું તો પણ એ જ સમતા માન અપ માનમાં વૃત્તિ સમ છે.વેશથી સંત કઠણ નથી. હૃદયથી સંત થવું કઠણ છે. રહુગણે ક્ષમા માગી.

તે પછી રહુગણ રાજા પૂછેછે,આ વ્યવહાર સત્ય છે,તેને મિથ્યા કેમ કહી શકાય?જો વસ્તુ અસત્ય હોય તો તેથી કોઈ ક્રિયા થઈ શકે નહીં. મિથ્યા ઘટમાં કદી જળ લાવી શકાય નહીં.વળી રાજાએ કહ્યું કે,શરીરને દુઃખ થાય પણ આત્માને થતું નથી એવું તમે કહો છો,પરંતુ હું તો માનું છું કે, શરીર ને કષ્ટ થાય તે આત્માને થાય છે. કારણ કે આ શરીરનો સંબંધ ઈન્દ્રિયોની સાથે છે. ઈન્દ્રિયોનો સંબંધ મન સાથે,મનનો સંબંધ બુદ્ધિ સાથે અને બુદ્ધિનો સંબંધ આત્મા સાથે છે. એટલે શરીરને જે દુઃખ થાય તે આત્માને થવું જોઈએ. ચૂલા ઉપર તપેલી હોય,તપેલીમાં દૂધ હોય,દૂધમાં ચોખા હોય,ચૂલામાંના અગ્નિથી એકબીજાના સંબંધના કારણે દૂધમાંના ચોખા પાકી જાય છે, તેમ શરીરને જે દુઃખ થાય તે આત્માને થવું જ જોઈએ.

જડભરતજીએ કહ્યું કે,રાજન! ઉપમાથી સત્ય સાબિત થાય નહીં પણ તેં ઉપમા આપી તો હું તે આગળ ચલાવું છું.તારું કથન ખોટું છે. આત્મા કેવળ નિર્લેપ છે.

અગ્નિ ઉપરના દૂધમાંના ચોખા પાક્યા એ ખરું,પણ દૂધમાં પથ્થર રાખ્યા હોય તો તે પથ્થરો કાંઈ પાકતાનથી.કારણ તે નિર્લેપ રહેછે તેમ આત્મા તો સર્વથી શ્રેષ્ઠ છે અને નિર્લેપ છે.સંસાર એ કેવળ મનની કલ્પના માત્ર છે. મન બગડે છે એટલે જીવન બગડે છે. મન સુધરે તો આત્માને મુક્તિ મળે છે.

હે રાજા, મારું મન અગાઉ હરણ માં ફસાયું તેથી મારે હરણનો જન્મ લેવો પડયો.હવે સાવધ થઈને ફરું છું.જાતઅનુભવથી કહું છું કે, આ બધો વ્યવહાર મનનો છે.માને પોતાનો બાબો અઢી મણનો હોય તો પણ ફૂલ જેવો હલકો લાગે છેઅનેબીજાનો બાબો હલકો હોય તો પણ અઢી મણનો લાગે છે.તેનું કારણ?કારણ એ મન કહે છે કે,એક પોતાનો છે,બીજો પારકો છે.

રાજન,આ બધા મનના ધર્મો છે. આ બધા મનના ખેલો છે. હે,રાજા તું કેવળ કચ્છપ દેશનો રાજા છે, પણ હું તો સમસ્ત ભરતખંડનો રાજા હતો છતાં મારી આ દશા થઈ.કારણ કે વિષયાસક્ત અને ગુણાનુરક્ત મન જીવને સંસાર સંકટમાં નાખે છેઅને તે જ મન જો વિષયરહિત થાય તો જીવને શાંતિમય મોક્ષપદની પ્રાપ્તિ કરાવે છે,એનું કલ્યાણ કરે છે.મન જ સંસારબંધનના કારણ રૂપ છે ને તે જ મન મોક્ષના કારણ રૂપ છે.તન બાંધેને મનછોડે મનુષ્યનું મન જો વિષયોમાં આસક્ત થાય તો તે સાંસારિક દુઃખો આપનાર થાય છે અને તે જ મન જો વિષયોમાં આસક્ત ન થાય અને ઈશ્વરના ભજનમાંલીન થાય,તો તે મોક્ષ આપનાર થાયછે વિષયોનું ચિંતન કરતાં મન તેમાં ફસાય છે અને તેથી તેનું બંધન આત્મા પોતા ઉપર કલ્પે છે આ બધી મનની લુચ્ચાઈ છેમાટે મનને પરમાત્મામાં સ્થિર કરો.હે રાજા,તું મને પૂછે છે કે,તું કોણ છે?પણ તું તારીજાતને પૂછ કે,હું કોણ છું?જાણ કે તું શુદ્ધ આત્મા છે.જાગ્રત,સ્વપ્ન અને સુષુપ્તિએ ત્રણે અવસ્થાઓ નો સાક્ષીઆત્મા છે.હે રાજન!જ્ઞાનીઓ જગતને સત્ય માનતા નથી.જ્ઞાનીઓ સંસારને મન કલ્પિત માને છે. જગત સ્વપ્ન જેવું છે. તેમ છતાં જેમ ખોટું સ્વપ્ન રડાવે છે તેમ આ ખોટું જગત પણ મનુષ્યના જીવને રડાવે છે.આનું દ્રષ્ટાંત આવતી કાલે જોઈએ તે પહેલાં જોઈએ તો એક વાર,સ્વામીજી પોતાના નાના પાલતુ કૂતરાને આશ્રમમાં ફરવા લઈ જઈ રહ્યા હતા. અચાનક,એક યુવાન તેમના આશ્રમમાં આવ્યો, તેમના પગે પડીને બોલ્યો,'સ્વામીજી,હું મારા જીવનથી ખૂબ જ પરેશાન છું. હું દરરોજ ખૂબ જ મહેનત કરું છું, પણ મને સફળતા મળી નથી. મને ખબર નથીકે ભગવાને મારા ભાગ્યમાં શું લખ્યું છે કે આટલો શિક્ષિત હોવા છતાં, હું હજુ પણ નિષ્ફળ છું.'

સ્વામીજી તરત જ યુવાનની તકલીફ સમજી ગયા.તેમણે કહ્યું, 'ભાઈ, મારા કૂતરાને ક્યાંક ફરવા લઈ જાઓ.પછી હું તમારા પ્રશ્નોના જવાબ આપીશ.'

યુવાનને આ સાંભળીને થોડું અજુગતું લાગ્યું, પરંતુ તેણે કોઈ વધુ પ્રશ્નો પૂછ્યા નહીં અને કૂતરા સાથે ચાલવાનું ચાલુ રાખ્યું. કૂતરાને ફરવા લઈ ગયા પછી, જ્યારે યુવાન આશ્રમમાં પહોંચ્યો, ત્યારે તેણે જોયું કે યુવાનનો ચહેરો તેજસ્વી હતો,પરંતુ તેનો નાનો કૂતરો થાકને કારણે ભારે હાંફતો હતો.

સ્વામીજીએ પૂછ્યું, 'ભાઈ, મારો કૂતરો આટલો થાકી કેવી રીતે ગયો? તમે આટલા શાંત દેખાશો. થાકેલા નથી?'

યુવકે કહ્યું, 'સ્વામીજી, હું ધીમે ધીમે અને આરામથી ચાલી રહ્યો હતો, પણ કૂતરો બેચેન હતો. તે બધા પ્રાણીઓની પાછળ દોડી રહ્યો હતો, તેથી જ તે આટલો થાકી ગયો હતો.' પછી વિવેકાનંદે કહ્યું, 'ભાઈ, આ તમારા પ્રશ્નનો જવાબ છે! તમારું લક્ષ્ય તમારી આસપાસ છે, પણ તમે તેનાથી દૂર જતા રહો છો. તમે બીજા લોકોની પાછળ દોડતા રહો છો, અને તમે જે ઈચ્છો છો તે જતું રહે છે.'વિવેકાનંદના જવાબથી સંતુષ્ટ થઈને, યુવકે પોતાની ભૂલ સુધારવાનું નક્કી કર્યું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

યશપાલસિંહ ટી વાઘેલા
દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર
થરા

### મારી તરફથી જ ગેરસમજ થઈ : સલમાન

# અરિજીત સિંહ સાથેના વિવાદ અંગે સલમાને તોડ્યું મૌન

## ૨૦૧૬માં અરિજિત સિંહે સલમાન ખાનને માફી પત્ર લખ્યો હતો ત્યારબાદ ૨૦૨૩માં બંનેના સંબંધોમાં સુધારો થયો



રિયાલિટી શો 'બિગ બોસ ૧૯'માં બોલિવૂડ અભિનેતા સલમાન ખાને ગાયક અરિજિત સિંહ સાથેના વિવાદની ચર્ચા કરી હતી. તેમણે સ્વીકાર્યું કે, 'મારાથી ગેરસરજ થઈ હતી.' બિગ બોસ ૧૯માં મહેમાન બનેલા કોમેડિયન રવિ ગુપ્તાએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી.બોલિવૂડ અભિનેતા સલમાન ખાને રવિ ગુપ્તાને પૂછ્યું, 'શું તમે ક્યારેય મારી મજાક ઉડાવી?' રવિ ગુપ્તાએ તરત જ ઈનકાર કરતા કહ્યું કે, 'મને તમારો સામનો કરવામાં ડર લગા છે.' ત્યારે સલમાન ખાને પૂછ્યું કે, કેમ?. જવાબમાં રવિ ગુપ્તાએ કહ્યું કે, 'કારણ કે હું અરિજિત સિંહ જેવો દેખાઉં છું.' સલમાન ખાને સ્પષ્ટતા કરી કે તે અને અરિજિત સિંહ હવે ખૂબ સારા મિત્રો બની ગયા છે.અરિજિત સિંહ અંગે સલમાન ખાને કહ્યું કે, 'અરિજીત અને હું હવે ખૂબ સારા મિત્રો છીએ. તે એક ગેરસમજ હતી અને તે મારા તરફથી હતી. ત્યારબાદ અરિજીત સિંહે મારા માટે ગીતો પણ ગાયા છે. મારી સાથે ટાઈગરમાં કામ કર્યું હતું, અને તે ગલવાન પર કામ કરી રહ્યો છે.' આ દરમિયાન રવિ ગુપ્તાએ કહ્યું, 'મને ખુશી છે કે હવે બધું ઉકેલાઈ ગયું છે.'ઉલ્લેખનીય છે કે, સલમાન ખાન અને અરિજીત સિંહના સંબંધોમાં ૨૦૧૪માં ખટાશ આવી ગઈ હતી. એક એવોર્ડ શોમાં અરિજીતને શ્રેષ્ઠ ગાયકનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ લેવા માટે તે



કેઝ્યુઅલ પોશાક અને ચંપલ પહેરીને સ્ટેજ પર પહોંચ્યો હતો. સલમાન ખાન શો હોસ્ટ કરી રહ્યો હતો. તેમણે અરિજીતને પૂછ્યું, "શું તું સૂઈ ગયો?" જેના જવાબમાં અરિજીતએ કહ્યું, 'તમે લોકોએ જ મને સૂવડાવી દીધો.'આના પર સલમાન ખાને જવાબ આપ્યો કે, 'એ મારી ભૂલ નથી. તમારું ગીત 'તુમ હી હો' વાગી રહ્યું છે, અને લોકો સૂઈ રહ્યા છે.' આના કારણે અરિજિત સિંહના સલમાન સાથેના સંબંધો બગડ્યા હતા. સલમાને તેની ફિલ્મો બજરંગી ભાઈજાન અને સુલતાનમાંથી અરિજિત સિંહના બધા ગીતો કાઢી નાખ્યા. ૨૦૧૬માં અરિજિત સિંહે સલમાન ખાનને માફી પત્ર લખ્યો. ત્યારબાદ ૨૦૨૩માં બંનેના સંબંધોમાં સુધારો થયો. અરિજિતે 'ટાઈગર ૩'માં સલમાન ખાન

### આ વિદેશી છોકરીનું નામ અમાન્ડા પામર છે

# અભય દેઓલનું દિલ કોઈ વિદેશી છોકરી પર મોહી પડ્યું

## યુઝર્સ અભય દેઓલ પર તેમની નવીનતમ પોસ્ટ માટે પ્રેમનો વરસાદ વરસાવી રહ્યા છે

અભય દેઓલ એવા બોલિવૂડ કલાકારોમાંના એક છે જેમણે દરેક ભૂમિકાને સંપૂર્ણતાથી ભજવી છે. પરંતુ હવે, તે તેના વ્યાવસાયિક જીવન માટે નહીં પરંતુ તેના અંગત જીવન માટે હેડલાઈન્સમાં છે. આજે, તેણે એક વિદેશી છોકરી સાથેનો ફોટો શેર કર્યો છે, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું છે.આ વાયરલ ફોટા જોયા પછી ચાહકો અભય દેઓલના આ વિદેશી છોકરી સાથેના અફેર વિશે પણ અનુમાન લગાવી રહ્યા છે. જોકે, બંનેમાંથી કોઈએ હજુ સુધી તેમના સંબંધો વિશે ખુલ્લેઆમ વાત કરી નથી. આ વિદેશી છોકરીનું નામ અમાન્ડા પામર છે, જે સ્વતંત્ર કલાકારો અને સિનેમાને ટેકો આપવા માટે પોતાની બિન-લાભકારી



સંસ્થા ચલાવે છે.સની દેઓલે પણ તેના ભાઈ અભય દેઓલની પોસ્ટ પર પ્રતિક્રિયા આપી. તેણે વિદેશી છોકરી સાથે તેના ભાઈના કોઝી ફોટા જોયા પછી ટિપ્પણી વિભાગમાં લાલ હૃદયનો ઈમોજી શેર કર્યો. ચાહકોએ પણ તેમની મૂંઝવણ વ્યક્ત કરતા ટિપ્પણી કરી.જ્યારે એક યુઝરે લખ્યું, "તો, શું આપણે આને કન્ફર્મ્ડ રિલેશનશિપ માની લઈએ?" બીજા યુઝરે આ જોડીને પરફેક્ટ જોડી ગણાવી. યુઝર્સ અભય દેઓલ પર તેમની નવીનતમ પોસ્ટ માટે પ્રેમનો વરસાદ વરસાવી રહ્યા છે. જોકે, અભય કે અમાન્ડા પામર બંનેમાંથી કોઈએ હજુ સુધી તેમના સંબંધની પુષ્ટિ કરી નથી.

# ઓસ્કાર વિજેતા હોલિવૂડ અભિનેત્રી ડાએન કીટનનું નિધન

ઓસ્કાર વિજેતા અને હોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી ડાએન કીટનનું ૭૯ વર્ષની વયે નિધન થયું છે. અહેવાલો અનુસાર, તેમણે કેલિફોર્નિયામાં અંતિમ શ્વાસ લીધા




હતા. તેમના પરિવારે આ દુઃખના સમયમાં ગોપનીયતા જાળવવાની વિનંતી કરી છે અને નિધનના કારણ વિશે વધુ કોઈ વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.ડાએન કીટનને બાળપણથી જ થિયેટર અને ગાયન પ્રત્યે આકર્ષણ હતુંહોલિવૂડના ઈતિહાસમાં એક પ્રતિષ્ઠિત નામ, ડાએન કીટનનો જન્મ જાન્યુઆરી ૧૯૪૬માં લોસ એન્જલસમાં થયો હતો. તેમનું સાચું નામ ડાએન હોલ હતું. જો કે, તેમનો પરિવાર ફિલ્મ ઉદ્યોગ સાથે સંકળાયેલો નહોતો, તેમ છતાં ડાએન કીટનને બાળપણથી જ થિયેટર અને ગાયન પ્રત્યે વિશેષ આકર્ષણ હતું. તેમણે ન્યૂ યોર્કમાં સેનફોર્ડ મેઈસનર પાસેથી અભિનયની તાલીમ લીધી, જેમણે તેમને માનવ વર્તનની જટિલતાઓને પડદા પર ઉતારવાની કળા શીખવી.ડાએન કીટને વર્ષ ૧૯૬૮માં બ્રોડવે પરના નાટકો "હેર" અને "પ્લે ઈટ અગેઈન, સેમ"માં અભિનય કરીને પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી, જેના માટે તેમને ટોની એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. તેમનો ફિલ્મી પ્રવેશ ૧૯૭૦માં "લવર્સ એન્ડ અધર સ્ટ્રેન્જર્સ"થી થયો, પરંતુ તેમને મુખ્ય સફળતા ફ્રાન્સિસ ફોર્ડ કોપોલાની માસ્ટરપીસ ફિલ્મ "ધ ગોડફાધર" (૧૯૭૨)માં મળી, જે અત્યાર સુધીની સૌથી પ્રિય ફિલ્મોમાંની એક માનવામાં આવે છે.હોલિવૂડની અભિનેત્રી ડાએન કીટને વર્ષ ૧૯૭૦ના દાયકામાં દિગ્દર્શક વુડી એલનની ઘણી નોંધપાત્ર ફિલ્મોમાં કામ કર્યુ, જેમાં "સ્લીપર", "લવ એન્ડ ડેથ", "ઈન્ટિરિયર્સ", "મેનહટન", "મેનહટન મર્ડર મિસ્ટ્રી" અને "પ્લે ઈટ અગેઈન, સેમ" જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.

### વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ

# દીપિકા પાદુકોણ બની દેશની પ્રથમ મેન્ટલ હેલ્થ એમ્બેસેડર

## મને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય માટે પ્રથમ માનસિક સ્વાસ્થ્ય રાજદૂત બનવાનો ગર્વ છે : દીપિકા

જાણીતી અભિનેત્રી દીપિકા પાદુકોણને આરોગ્ય મંત્રાલય દ્વારા દેશના પ્રથમ મેન્ટલ હેલ્થ એમ્બેસેડર એટલે કે માનસિક સ્વાસ્થ્ય રાજદૂત તરીકે પસંદ કરવામાં આવી છે. જેપી નડ્ડા સાથે દીપિકાનો એક ફોટો પણ શેર કરવામાં આવ્યો છે.કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા લેવામાં આવેલું આ પગલું દેશમાં માનસિક સ્વાસ્થ્ય માટે વધુ અનુકૂળ વાતાવરણ બનાવવા તરફનું છે.આ પ્રસંગે, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, દીપિકા પાદુકોણ સાથેની આ ભાગીદારી ભારતમાં માનસિક સ્વાસ્થ્ય મુદ્દાઓ વિશે જાગૃતિ લાવવા, આ વિષયો પર જાહેર ચર્ચાને પ્રોત્સાહન આપવા અને માનસિક સ્વાસ્થ્યને જાહેર સ્વાસ્થ્યના મહત્વપૂર્ણ ભાગ તરીકે પ્રકાશિત કરવામાં



મદદ કરશે.દીપિકા પાદુકોણે કહ્યું, "મને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય માટે પ્રથમ માનસિક સ્વાસ્થ્ય રાજદૂત બનવાનો ગર્વ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, ભારતે માનસિક સ્વાસ્થ્ય સંભાળને પ્રાથમિકતા આપી છે. હું આ કાર્યને આગળ વધારવા અને આપણા દેશમાં માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવવા માટે મંત્રાલય સાથે કામ કરવા આતુર છું.નવી ભૂમિકામાં, દીપિકા પાદુકોણે મંત્રાલય સાથે કામ કરશે જેમાં માનસિક સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ફેલાવવા અને તેની આસપાસના કલંકને બદલવા, લોકોને મદદ લેવા અને નિવારક પગલાં અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા અને ટેલિ-માનસ (સ્ટેટ્સમાં ટેલિ-માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ) અને અન્ય સરકારી માનસિક સ્વાસ્થ્ય સેવાઓને પ્રોત્સાહન આપવામાં સહાયભૂત થશે.તેણી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય સાથે પણ કામ કરશે જેથી ખાતરી કરી શકાય કે દરેકને માનસિક સ્વાસ્થ્ય સહાય અને સંસાધનોની સરળ પહોંચ મળે. આ નિમણૂક દીપિકા પાદુકોણના ફાઉન્ડેશન, ધ લીવ લવ લાફ ફાઉન્ડેશન, એ તેની ૧૦ વર્ષની સફર પૂર્ણ કરી છે અને આ સમય દરમિયાન હજારો લોકોને મદદ કરી છે.છેલ્લા દસ વર્ષોમાં, લિવ લવ લાફ એ તેના મુખ્ય ગ્રામીણ સમુદાય માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા આઠ રાજ્યોના ૧૫ જિલ્લાઓમાં ૨૧,૯૩૧ થી વધુ માનસિક બીમારી ધરાવતા લોકો અને તેમના સંભાળ રાખનારાઓને મદદ કરી છે. લિવ લવ લાફ એ દેશભરમાં નવા અને મહત્વપૂર્ણ જાગૃતિ અભિયાનો પણ શરૂ કર્યા છે.

# અભિનેત્રી રાશા થડાનીને તેની માતા રવિના ટંડનના કબાટમાંથી ચોરી કરવાની ટેવ



બોલિવૂડ અભિનેત્રી રવિના ટંડન હંમેશા સોશિયલ મીડિયા પર સક્રિય રહે છે. તે દરરોજ પોતાના ગ્લેમરસ ફોટા શેર કરે છે. રવિનાની જેમ, તેની પુત્રી રાશા પણ બોલીવુડમાં પ્રવેશી છે અને ઘર-ઘરમાં જાણીતી છે. ચાહકો રાશાની દરેક સ્ટાઈલને પસંદ કરે છે. રાશાએ બોલિવૂડમાં પ્રવેશ કરી ચૂકી છે, અને ચાહકો હવે તેની આગામી ફિલ્મોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, રાશાએ ખુલાસો કર્યો કે તે તેની માતાના કબાટમાંથી વસ્તુઓ ચોરી કરતી હતી.રાશાએ તેના ફેશન સેન્સ વિશે વાત કરી અને એક ખુલાસો પણ કર્યો. તેણીએ ખુલાસો કર્યો કે તેની સૌથી મોટી સ્ટાઈલ પ્રેરણા તેની માતા, રવિના ટંડન છે. તેણીએ સમજાવ્યું કે તેણીને કેપ્રિસ બહુ ગમતી નથી અને તે તેના માટે આરામ સર્વોપરી છે. રાશાએ કહ્યું કે તમે જે પણ પહેરો છો તે સ્પષ્ટપણે દેખાય છે, તેથી તમે જે પણ પહેરો છો તેમાં આત્મવિશ્વાસ રાખો.રાશાએ ખુલાસો કર્યો કે તે તેની માતા, રવિના ટંડનના કપડામાંથી ૯૦ ના દાયકાના સનગ્લાસ અને બેલ્ટ ચોરી કરતી હતી. રાશાએ અમન દેવગન સાથે ફિલ્મ "આઝારદ" થી ડેબ્યૂ કર્યુ હતું, જે આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થઈ હતી. જોકે આ ફિલ્મ સારી ચાલી ન હતી, પરંતુ તેના ગીતોને ખૂબ જ પસંદ કરવામાં આવ્યા હતા. રાશા પાસે હાલમાં ઘણી ફિલ્મો છે અને ટૂંક સમયમાં તે અભય વર્મા સાથે ફિલ્મ "લાઈકી લાઈકા" માં જોવા મળશે.

### બોબી દેઓલનું ચર્ચાસ્પદ નિવેદન

# 'ભાઈ સની દેઓલના દીકરાઓને નેપોટિઝમનો ફાયદો ના થયો'



બોલિવૂડની દેઓલ ફેમિલીને ચાહકોએ ખૂબ પ્રેમ આપ્યો છે. ધર્મેન્દ્રથી લઈને તેમના બે પુત્રો સની અને બોબી દેઓલ ચાહકોમાં ખૂબ જ લોકપ્રિય છે. તેમની ફિલ્મો બોક્સ ઓફિસ ધૂમ મચાવે છે. વર્ષ ૨૦૨૩ દેઓલ પરિવાર માટે કરિયરનું બેસ્ટ વર્ષ સાબિત થયું હતું. પરંતુ તેમની આગામી પેઢી એટલે કે, સની દેઓલના બંને પુત્રો કરણ અને રાજવીરને ચાહકોનો પ્રેમ ન મળ્યો.હિન્દી સિનેમામાં ઘણીવાર નેપોટિઝમ પર ચર્ચા છેડાતી રહે છે. દરેક વ્યક્તિ એવું માને છે કે જો કોઈ સ્ટાર સ્ક્રીન પર હિટ છે, તો તેનો




દીકરો કે દીકરી પણ બાદમાં હિટ થશે. નેપો કિડ્સ અથવા સ્ટાર કિડ્સ પર એવી જ આશા રાખવામાં આવે છે કે, તેઓ પોતાના પરિવારની જેમ જ પોપ્યુલર બને. જોકે, આ બધુ દરેકની સાથે નથી થતું. હવે નેપોટિઝમ પર બોબી દેઓલે પોતાનો અભિપ્રાય આપ્યો છે. એક ઈન્ટરવ્યુમાં એક્ટરે પોતાના પુત્ર આર્યમન દેઓલના ડેબ્યૂ પર વાત કરતા કહ્યું કે, 'હું મારા પુત્રને લોન્ચ નથી કરવાનો. પરંતુ હું રાહ જોઈ રહ્યો છું કે કોઈ મારી પાસે તેના માટે સારી સ્ક્રિપ્ટ લઈને આવે. અમે લોકો રાહ જોઈ રહ્યા છીએ, અને મેં મારા પુત્રને કહ્યું છે કે, ત્યાં સુધી તારે ખૂબ મહેનત કરવી પડશે, કારણ કે સમય બદલાઈ ગયો છે. જ્યારે મેં શરૂઆત કરી હતી, ત્યારે તમારી પાસે પોતાને સાબિત કરવાોની અને સુધારવાની તકો મળતી હતી.'બોબી દેઓલે આગળ કહ્યું કે, હું માનું છું કે મારો પુત્ર અથવા ધર્મેન્દ્રના પૌત્ર હોવાથી તેને ફાયદો થઈ શકે છે. પરંતુ તે પછી તો તેણે ખુદ જ પોતાને સાબિત કરવું પડશે. ઘણા બધા એક્ટર્સ છે જેમના બાળકો ફિલ્મોમાં આવ્યા અને ફ્લોપ થયા છે. સામાન્ય રીતે આઉટસાઈડર્સ જ છે જે સફળ થયા છે. મારા પિતા આઉટસાઈડર હતા અને હું ભાગ્યશાળી છું કે, હું તેમનો દીકરો છું. પરંતુ અંતે તો તમારું કામ જ બોલે છે.'બોબીએ આગળ કહ્યું કે, 'મારા ભાઈના દીકરાઓ માટે પણ ફિલ્મોમાં કામ કરવાનો અનુભવ સારો નથી રહ્યો. માત્ર એટલા માટે કે તેઓ સની દેઓલના દીકરા છે અને ધર્મેન્દ્રના પૌત્ર છે એનો અર્થ એ નથી કે

# ૩૨ વર્ષ નાની ફેમસ અભિનેત્રી અમિતાભ બચ્ચન પ્રેમમાં હતી પાગલ

## શિલ્પા શિરોડકરે ૧૯૯૨માં આવેલી ફિલ્મ ખુદા ગવાહનો એક જૂનો ફોટો શેર કર્યો છે જેમાં તે અમિતાભ બચ્ચન સાથે દેખાય છે

બોલીવુડના મહાનાયકનો ઘણો મોટો ચાહક વર્ગ છે અને ઘણા સ્ટાર્સ તેમની સાથે કામ કરવાનું સપનું જુએ છે. હાલમાં શિલ્પા શિરોડકરે એક મોટો ખુલાસો કર્યો છે કે, ગુપ્ત રીતે અમિતાભ બચ્ચન સાથે લગ્ન કરવા માંગતી હતી.અમિતાભ બચ્ચન ફિલ્મ ઈન્ડસ્ટ્રીનાં એક મહાન અભિનેતા છે. તેમણે ૧૧ ઓક્ટોબરના રોજ તેમનો ૮૩મો જન્મદિવસ ઉજવ્યો હતો અને આ પ્રસંગે ઘણા સ્ટાર્સે તેમને શુભેચ્છા પાઠવી હતી. અમિતાભ બચ્ચનના પ્રેમમાં રેખા પાગલ હતી એ વાત તો ઘણા લોકો જાણે છે પરંતુ આવી જ રીતે અભિનેત્રી શિલ્પા શિરોડકરે ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે તે એક સમયે અમિતાભ બચ્ચન સાથે લગ્ન કરવા માંગતી હતી.૧૧ ઓક્ટોબર ૧૯૪૨માં જન્મેલા



અમિતાભ બચ્ચનનું ફિલ્મી કરિયર સરળ નહોતું પરંતુ તેમણે સખત મહેનત અને પ્રતિભા દ્વારા ઈન્ડસ્ટ્રીમાં પોતાનું એક સ્થાન બનાવ્યું હતું. ઘણી હસ્તીઓએ તેમને સોશિયલ મીડિયા પર જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. અભિનેત્રી શિલ્પા શિરોડકરે પણ તેમની સાથે એક તસવીર શેર કરી અને એક મીઠી નોંધ લખી હતી. શિલ્પા શિરોડકરની આ પોસ્ટ જોતા જ લોકો દંગ કરી ગયા હતા અને સતત આ વાત પર ચર્ચાઓ કરવા લાગ્યા હતા.શિલ્પા શિરોડકરે ૧૯૯૨માં આવેલી ફિલ્મ ખુદા ગવાહનો એક જૂનો ફોટો શેર કર્યો છે જેમાં તે અમિતાભ બચ્ચન સાથે દેખાય છે. આ ફિલ્મમાં શ્રીદેવી પણ મુખ્ય ભૂમિકામાં હતી. ફોટો શેર કરતા શિલ્પાએ લખ્યું હતું કે, 'જે માણસ સાથે હું એક સમયે ગુપ્ત રીતે લગ્ન કરવા માંગતી હતી અને જેણે મને ઘણું બધું શીખવ્યું તેને જન્મદિવસની શુભકામનાઓ. તમે હંમેશા રૂપેરી પડદે ચમકતા રહો.' અભિનેત્રી આ પોસ્ટ જોતા જ ફેન્સ સતત પ્રતિક્રિયા આપવા લાગ્યા હતા.ખુદા ગવાહ સિવાય શિલ્પા શિરોડકરે અમિતાભ બચ્ચન સાથે ઘણી અન્ય ફિલ્મોમાં પણ કામ કર્યુ. જોકે, તેની કારકિર્દીની વચ્ચે, તેણે તેના અંગત જીવન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લાંબો બ્રેક લીધો હતો. ત્યાર બાદ તે બિગ બોસમાં જોવા મળી જ્યાં ફેન્સે તેને ખૂબ પ્રેમ કર્યો.

ગાંધીઆશ્રમ ખાતે સેવા વસ્તીના બાળકો સાથે જન્મદિનની ઉજવણી કરતા સ્વાતંત્ર્ય સેનાનીના સુપુત્ર અશોકભાઈ ગોકળદાસ પટેલ

# ૭૨ વર્ષે ગાંધીજીની આત્મકથાની ૭૨ પ્રતોની વહેંચણી, રક્તદાન શિબિર, જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ અને ગાંધીભજનો સાથે ઉજવણી

। (માહિતી) અમદાવાદ, તા.૧૩ ।

ગાંધી આશ્રમ ખાતે તારીખ ૧૩ ઓકટોબર, સોમવારની સાંજ વિશિષ્ટ બની રહી કારણ કે પ્રખર ગાંધી ભક્ત શ્રી અશોકભાઈ ગોકળદાસ પટેલે તેમના ૭૨મા જન્મદિવસની ઉજવણી સત્ય અને અહિંસાના પવિત્ર તીર્થ એવા સાબરમતી આશ્રમમાં કરી. ઢળતી બપોરે ચાર વાગે સેવાવસ્તીના અનાથ બાળકો સાથે તેમણે જીવનની યાદગાર પળો વહેંચી હતી. આ અનોખી ઉજવણીમાં શ્રી રમેશભાઈ બારોટે 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' જેવી ગાંધીજીને પ્રિય કૃતિઓ રજૂ કરી હતી. ત્યારબાદ જાણીતા પત્રકાર શ્રી રમેશ તન્નાએ કસ્તુરબા ગાંધી ના જીવન પ્રસંગો, તેમણે ગાંધીજીને આપેલો



બિનશરતી સાથ, નારીઉત્થાન અને સ્વતંત્રતાની ચળવળમાં આપેલા યોગદાન વિશે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું.

આજના આ માહોલમાં લોકો પોતાનો જન્મદિવસ સામાન્ય રીતે આલીશાન બેક્વેટ હોલ કે પાર્ટી પ્લોટોમાં ઉજવતા હોય છે ત્યારે અમેરિકાના ડલાસ ખાતે વસવાટ કરતા અશોક ગોકળદાસ દરવર્ષે પોતાનો જન્મદિવસ ગાંધીઆશ્રમમાં ઉજવે છે. તેમના પિતા ગાંધીજી અને સરદાર પટેલ સાથે કાર્યરત હતા. પિતાને અભ્યાસ માટે ગુજરાત વિદ્યાપીઠની સ્કોલરશીપ ગાંધીજીની ભલામણથી મળી હતી. આ કારણે તેઓ વધુ અભ્યાસ કરવાને સક્ષમ બન્યા. ગાંધીજીને કારણે જ તેમનું કુટુંબ પગભર બન્યું છે. જેનું ઋણ તેઓ વિસર્યા નથી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ આપેલ ''એક પેડ માં કે નામ'' ના સંકલ્પ સાથે આ વર્ષે તેમના ૭૨માં જન્મદિવસે ૭૨૦૦ વૃક્ષ ભારતમાં અને ૭૨૦૦ વૃક્ષ અમેરિકા ખાતે વાવવાનો સંકલ્પ કર્યો છે.આ ઉપરાંત વિદેશી વસ્તુઓનો ત્યાગ કરીને સ્વદેશી વસ્તુઓ અપનાવવા નો સંકલ્પ કર્યો છે. સાથોસાથ તેઓ તેમના પિતાજી ગોકળદાસ પટેલની હયાતીમાં જ સ્થપાયેલા ગોકળપુરા ગામના લોકોને જીવન ઉપયોગી વસ્તુઓનું વિતરણ કર્યું હતું. તથા ગાંધીવિચારોને પ્રસરાવવા માટે ૭૨ 'સત્યના પ્રયોગો' આત્મકથાનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે શ્રી સુરેન્દ્રભાઈ બક્ષી, શ્રી નિમિશભાઈ શાહ, શ્રી જલદીપ ઠાકર અને શ્રી મેહુલ પટેલને વિવિધ લોકઉપયોગી પ્રવૃતિઓ કરવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આમંત્રિત મિત્રો, સ્નેહીજનો અને કસ્તુરબા ગાંધી કેળવણી ટ્રસ્ટ સંચાલિત સરસ્વતી શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી-ગોરખપુર અને સાબરમતી-બેગુસરાય વચ્ચે અનારક્ષિત ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો

। (રેલવે) અમદાવાદ, તા.૧૩ ।

પશ્ચિમ રેલવે દ્વારા આવનારા દિવાળી અને છઠ પૂજા તહેવારો માટે મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-ગોરખપુર અને સાબરમતી-બેગુસરાય વચ્ચે અનારક્ષિત સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

- ટ્રેન નંબર ૦૯૪૨૯/૦૯૪૩૦ સાબરમતી-ગોરખપુર ત્રિસાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર (૧૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૨૯ સાબરમતી-ગોરખપુર ત્રિસાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન સાબરમતીથી ૧૬ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૬ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દર ગુરુવાર, શુક્રવાર અને રવિવારે સવારે ૦૮:૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે ગોરખપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૩૦ ગોરખપુર-સાબરમતી ત્રિસાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન ગોરખપુરથી ૧૭ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૭ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દર શુક્રવાર, શનિવાર અને સોમવારે બપોરે ૧૩:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે બપોરે ૧૫:૩૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મારવાડ જં., અજમેર, જયપુર, ગાંધી નગર જયપુર, દૌસા, બાંદીકુઈ જં., ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ઉન્નાવ, લખનૌ, બારાબંકી, ગોંડા, મનકાપુર અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં તમામ અનારક્ષિત શ્રેણીના કોચ રહેશે.

- ટ્રેન નંબર ૦૯૪૩૧/૦૯૪૩૨ સાબરમતી-બેગુસરાય અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર (૨૮ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૩૧ સાબરમતી-બેગુસરાય અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન સાબરમતીથી ૧૪ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૭ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દરરોજ બપોરે ૧૨:૦૫ વાગ્યે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે સવારે ૦૮:૦૦ વાગ્યે બેગુસરાય પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૩૨ બેગુસરાય-સાબરમતી અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન બેગુસરાયથી ૧૬ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૯ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દરરોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે સવારે ૦૫:૦૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના, મારવાડ જં., બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, દૌસા, બાંદીકુઈ જં., ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સુબેદારગંજ, મિર્ઝાપુર, પં. દીન દયાળ ઉપાધ્યાય જં., બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર જં., સોનપુર, હાજીપુર અને બરૌની જં. સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં તમામ અનારક્ષિત શ્રેણીના કોચ રહેશે. ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત નડિયાદ ખાતે યોજાઈ વિકાસ પદયાત્રા

। (માહિતી) નડિયાદ, તા.૧૩ ।

વિકાસ સપ્તાહ ઉજવણી ૨૦૨૫ અંતર્ગત ખેડા જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં, સરકારની વિવિધ યોજનાઓથી સામાન્ય લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. નડિયાદના ખેતા તળાવથી લઈ સરદાર પટેલના જન્મ સ્થળ સુધી આયોજિત વિકાસ પદયાત્રાને મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ. સોલંકીએ સવારે ૯:૩૦ કલાકે ફ્લેગ ઓફ કરાવી હતી. જેમાં, જોડાયેલ પદયાત્રીઓ વિકાસ સપ્તાહના બેનરો સાથે સરદાર પટેલના જન્મ સ્થળ સુધી પહોંચ્યા હતા અને ત્યાં જઈ મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની પ્રતિમાઓને સુતરની આંટી પહેરાવી વંદન કરી પદયાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગરપાલિકા કમિશનર શ્રી જી.એચ. સોલંકીએ જણાવ્યું હતું કે વિકાસ સપ્તાહ ઉજવણી




૨૦૨૫ના ભાગરૂપે નડિયાદ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા રેલી, વિકાસ પદયાત્રા, વૃક્ષારોપણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે ડેપ્યુટી કમિશનર શ્રી રૂદ્રેશ હુદડ, જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી અક્ષય મકવાણા, રમત વિકાસ અધિકારી શ્રી લક્ષ્મણસિંહ ચૌહાણ, શાસન અધિકારી શ્રી ભીખાભાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# લીમડી બજારમાંથી ચોરી થયેલ મોબાઇલ સાથે એક વ્યક્તિ ઝડપાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ગોવિંદગુરુ લીમડી તાલુકાના પોલિસ મથકે રેડમી નોટ ૧૦ એસ મોબાઈલ ચોરી થયેલ હોવાની ફરિયાદ નોંધાયેલ હતી તેના આધારે પી.આઈ કે.કે.રાજપૂત દ્વારા ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સના આધારે તપાસ આદરી હતી. ટેકનિકલ હ્યુમન સોર્સના આધારે ચોરાયેલ મોબાઈલ લીમડી બજારમાં હોવાનું માલુમ પડતાં પી.આઈ કે.કે. રાજપૂત તેમજ પી.એસ.આઈ કે.જી.મછાર પોલિસ સ્ટાફને સાથે રાખી લીમડી બજારમાંથી વિજય વિક્રમ ડીંડોરને રેડમી નોટ ૧૦ એસ મોબાઈલ જેની અંદાજિત કિંમત ૧૬૦૦૦ છે તે મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડવામાં



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

લીમડી પોલિસને સફળતા મળેલ હતી. આમ ગોવિંદગુરુ લીમડી બજારમાંથી મોબાઈલ ચોરીના અનડિટેક્ટ મોબાઈલને ડીટેક્ટ કરી આરોપીને ઝડપી પાડી ચોરી થયેલ મોબાઈલ રિકવર કરી ગુન્હો ડીટેક્ટ કરવામાં સફળતા મેળવેલ છે.

# ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામે ચર્ચ પ્રેરિત કાર્યક્રમ રદ કરવા સ્થાનિક હિન્દુ આગેવાનો દ્વારા માંગ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૩ ।

ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામ ખાતે ૧૩-૧૪-૧૫ ઓક્ટોબર ચર્ચ પ્રેરિત પ્રોગ્રામ યોજાવાના છે.આ ત્રણ દિવસ ચર્ચ પ્રેરિત જે કાર્યક્રમ યોજાઈ રહેલ છે તેને લઈ ધાવડીયા ગામના સ્થાનિક જનજાતી સમાજ અને સંસ્કૃતિને નુકસાન થવાની સંભાવના ત્યાં રહેતા સ્થાનિકોને લાગી રહેલ છે. સ્થાનિક ગ્રામજનો જે જનજાતિ સમાજ માંથી આવે છે તેઓ ભોળા છે જેને લઈ લોભ લાલચ અને પ્રલોભન આપી આ ગામની જનતાને ગેરમાર્ગે દોરવામાં આવે છે. લોભ લાલચ અને અંધશ્રદ્ધાને લઈ આ ભોળો સમાજ તેઓની વાતોમાં આવી ધર્મ પરિવર્તન કરે છે તેવું ત્યાં રહેતા સ્થાનિકોનુ માનવુ છે. આ ભોળી પ્રજાને ગેરમાર્ગે દોરી આદિવાસી વિસ્તારમાં ધર્માંતરણ ખૂબ વધી ગયેલ છે.

ધાવડીયા ગામમાં કાયદેસર અને સરકારી રેકોર્ડ પર કોઈ ખ્રિસ્તી ધર્મ પાળતુ હોય તેવું સ્થાનિકોના ધ્યાનમાં નથી. આવા લોકો જે ખ્રિસ્તી ધર્મ પાળે છે તેઓ આદિવાસી સમાજનો ઉપયોગ કરી સરકારી સહાયનો પણ ઉપયોગ કરી સરકાર સાથે છેતરપીંડી કરી રહેલ છે. ગ્રામજનો એ લેખિત માંગ કરેલ છે કે જે ગામમા સરકારી રેકોર્ડ પ્રમાણે ખ્રિસ્તી ધર્મની વસ્તી નથી તો આવા ગામમાં ખ્રિસ્તીઓ ખોટી રીતે આવા પ્રોગ્રામો યોજી અહીંની પ્રજાને ગેરમાર્ગે દોરે છે તેવું સ્થાનિકોનુ માનવુ છે. જ્યા સરકારી રેકોર્ડ પ્રમાણે હિન્દુ વસ્તીનુ બાહુલ્ય છે તો આ ગામમાં આઠ જેટલા ખ્રિસ્તી ધર્મના આઠ જેટલા પાદરીઓ કેમ આવી રહેલ છે. આવી રહેલ આઠ પાદરીઓનો મુખ્ય આશય શું છે. આવા વેધક સવાલ સાથે સ્થાનીક લોકો દ્વારા પ્રાંત અધિકારીને એક લેખિત આવેદનપત્ર આપી આ પ્રોગ્રામ રોકવા માટે માંગ કરવામાં આવી હતી તેમજ આ ગામમાં ચર્ચો બંધાયેલ છે જે સરકારની મંજૂરી કે પરવાનગી થી બંધાયેલ છે કે નહીં તેની તપાસ કરવા માટે પણ સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવા માટે ધાવડીયા ગામના સ્થાનિકો, ગ્રામજનો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આવેદનપત્ર આપવામાં આવેલ હતું.

# રાજ્યની તમામ મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ.૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર

। (માહિતી) નડિયાદ, તા.૧૩ ।

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૪ વર્ષમાં રાજ્યના નાગરિકોને જીવન જરૂરી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે ભૌતિક માળખાકીય સુવિધાઓ, સામાજિક માળખાકીય સુવિધાઓ, વિકાસ, અર્બન મોબિલિટી તથા ગુજરાતના આગવી ઓળખના કામો તેમજ શહેરના આઉટગ્રોથ એરીયા ડેવલપમેન્ટના કામો માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. જેના ભાગરૂપે 'અમૃત ૨.૦' યોજના હેઠળ રાજ્યમાં મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ. ૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર કરવામાં આવ્યા છે. વડાપ્રધાનશ્રીના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતમાં તા.૦૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. દેશનું ગ્રોથ એન્જીન ગણાતું ગુજરાત આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ નેતૃત્વમાં શહેરી વિકાસ તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. અટલ મિશન ફોર રેજ્યુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન (છરું) યોજનાએ ભારત સરકારની એક મહત્વપૂર્ણ શહેરી વિકાસ યોજના છે. જેનો લક્ષ્ય શહેરી વિસ્તારોમાં મૂળભૂત સુવિધાઓને મજબૂત બનાવીને લોકોના જીવનધોરણને સુધારવાનો છે. આ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા. ૨૫ જૂન, ૨૦૧૫માં શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા અમૃત ૨.૦ મિશન તા.૧ ઓક્ટોબર ૨૦૨૧ના રોજથી સમગ્ર દેશમાં અમલમાં આવી હતી. શહેરી જીવનની ગુણવત્તા સુધારવા 'અમૃત ૨.૦ મિશન' અંતર્ગત માળખાકીય પાયાની સુવિધાઓના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. અમૃત ૧.૦ મિશન હેઠળ ગુજરાતના ૩૧ શહેરોની પસંદગી કરવામાં આવી છે, જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા ઉપરાંત રાજ્યની ૨૨ 'અ' વર્ગની નગરપાલિકા તેમજ દ્વારકા નગરપાલિકાનો સમાવેશ થાય છે. જ્યારે અમૃત-૨.૦ યોજના હેઠળ રાજ્યની તમામ નગરપાલિકા તથા મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠા, બાગ-બગીચા અને તળાવ નવીનીકરણ કામો હાથ ધરવામાં આવેલ છે તથા રાજ્યના ૩૧ અમૃત શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો પણ હાથ ધરવામાં આવેલ છે. અમૃત ૨.૦ મિશન હેઠળ આવરી લેવાયેલા ગુજરાતના આ શહેરોમાં પાયાની માળખાકીય સુવિધા માટે રૂ. ૧૬,૩૧૬ કરોડથી વધુના ૯૨૭ કામ મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં કેન્દ્ર સરકારનો રૂ. ૪,૫૦૪ કરોડ, રાજ્ય સરકારનો રૂ. ૫,૫૯૭ કરોડ તેમજ રૂ. ૬,૨૧૫ કરોડ ન્ન્ન્ અર્બન લોકલ બોડીનો ફાળો છે. અમૃત ૨.૦ મિશન હેઠળ પ્રોજેક્ટ કમ્પોનન્ટ સિવાય કેપેસીટી બિલ્ડીંગ, અર્બન રિફોર્મ્સ સંબધિત કામગીરી પણ કરવામાં આવે છે. 'અમૃત ૨.૦ યોજના' હેઠળ છેલ્લા ૫ વર્ષમાં મહાનગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાને લગતા રૂ. ૪૯૩૧ કરોડના ૧૪૯ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂ.૫૪૩૭ કરોડના ૧૧૨ કામો, તળાવ નવીનીકરણના રૂ. ૨૦૭ કરોડના ૩૭ કામો, બાગ બગીચાના રૂ.૮ કરોડના ૦૪ કામો તેમજ નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠાના રૂ. ૩૭૩૯ કરોડના ૨૯૨ કામો, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપનના રૂ.૧,૪૪૦ કરોડના ૫૫ કામો, તળાવ નવીનીકરણના રૂ. ૪૪૩ કરોડના ૧૫૧ કામો તેમજ બાગ – બગીચાના રૂ. ૧૧૦ કરોડના ખર્ચે ૧૨૭ કામો મહાનગરપાલિકા અને નગરપાલિકામાં પાયાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનાની

# એપીકે ફાઇલ ડાઉનલોડ કરનાર યુવક સાથે સાયબર ફ્રોડ થયો

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

શહેરમાં રહેતા એક યુવકને અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના નામની એપીકે ફાઈલ હતી. તે ફાઈલ ડાઉનલોડ કરતા ફોર્મ ખુલ્યું હતું. પરંતુ યુવક તે ફોર્મ ન ભરી શક્તા એપ્લિકેશનમાંથી બહાર નીકળી ગયો હતો. જે બાદ તેનો ફોન હેક થઈ ગયો હતો. તેના ડેબિટકાર્ડમાંથી ૩૧ હજાર ડેબિટ થયા હતા અને ક્રેડિટકાર્ડમાંથી એક ફોનની ખરીદી થઈ હતી. આ મામલે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સરસપુરમાં રહેતા હેમીનભાઈ પટેલ ફાયનાન્સનું કામ કરે છે. થોડા દિવસો પહેલા તેમને અજાણ્યા નંબરથી મેસેજ આવ્યો હતો. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના નામની એપીકે ફાઈલ હતી. આ ફાઈલ ઈન્સ્ટોલ કરતા પરમિશન ઓપ્શન પર ક્લીક કરતા એક ફોર્મ ખુલ્યું હતું. જે ફોર્મ ભરવાનો પ્રયાસ કરવા છતાંય ફોર્મ ભરાયું નહોતુ. જેથી હેમીનભાઈ એપ્લિકેશનમાંથી બહાર નીકળી ગયા બાદ તેમને ત્રણ ઓટીપી આવ્યા હતા. તપાસ કરતા તેમના બેંક એકાઉન્ટમાંથી ૩૧ હજાર ડેબિટ થયા હતા. જ્યારે કોઈ શખ્સે ક્રેડિટકાર્ડથી ટ્રાન્ઝેક્શન કરીને ફોન ખરીદ્યો હતો. ગઠિયાઓએ હેમીનભાઈનો ફોન હેક કરીને છેતરપિંડી કરતા તેમણે કાર્ડ બ્લોક કરાવી દીધા હતા. આ મામલે પોલીસને જાણ કરતા શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ ફાઈલ ઈન્સ્ટોલ કરતા પરમિશન ઓપ્શન પર ક્લીક કરતા એક ફોર્મ ખુલ્યું હતું. જે ફોર્મ ભરવાનો પ્રયાસ કરવા છતાંય ફોર્મ ભરાયું નહોતુ. જેથી હેમીનભાઈ એપ્લિકેશનમાંથી બહાર નીકળી ગયા બાદ તેમને ત્રણ ઓટીપી આવ્યા હતા. તપાસ કરતા તેમના બેંક એકાઉન્ટમાંથી ૩૧ હજાર ડેબિટ થયા હતા. જ્યારે કોઈ શખ્સે ક્રેડિટકાર્ડથી ટ્રાન્ઝેક્શન કરીને ફોન ખરીદ્યો હતો. ગઠિયાઓએ હેમીનભાઈનો ફોન હેક કરીને છેતરપિંડી કરતા તેમણે કાર્ડ બ્લોક કરાવી દીધા હતા. આ મામલે પોલીસને જાણ કરતા શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# દિવ્યાંગો માટે સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ યોજાશે

। (માહિતી) નડિયાદ, તા.૧૩ ।

ખેડા સંસદીય વિસ્તારના સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ દ્વારા દિવ્યાંગો માટે સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવનાર છે. જે કાર્યક્રમ અંતગર્ત પ્રથમવાર શારીરિક દિવ્યાંગ ખેલાડીઓને તેમની જુદી જુદી કેટેગરી પ્રમાણે આ ખેલ મહોત્સવમાં ભાગ લેવા માટે આયોજન થઈ રહ્યું છે ત્યારે સમગ્ર ખેડા સંસદીય વિસ્તારના ૦૬ થી ૫૦ વર્ષની વયના શારીરિક દિવ્યાંગ ખેલાડીઓને ભાગ લેવા જણાવવામાં આવે છે. સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ (દિવ્યાંગો માટે) ના જરૂરી ફોર્મ ધી સોસાયટી ફોર ફિજીકલી હેન્ડિકેપ્ડ ઓફ ખેડા ડિસ્ટ્રિક્ટ નડીઆદની ઓફિસ, રામ તલાવડી રેલ્વે ફાટક પાસે, મિશન રોડ, નડીઆદ ખાતે તારીખ ૧૦-૧૦-૨૦૨૫ થી ૦૭-૧૧-૨૦૨૫ સુધીમાં સવારના ૧૦:૦૦ થી બપોરના ૦૨:૦૦ કલાક સુધી ભરવામાં આવશે. સિવિલ હોસ્પિટલનું સર્ટિફિકેટ, આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. વધુ વિગત માટે રાકેશભાઈ ચાવડા-સંપર્ક નં-૯૮૨૪૩૨૮૫૯૭ પર સંપર્ક કરી શકાશે.

વિશેષ

સાણંદના જશુભા મધપાલન થકી મેળવે છે વાર્ષિક ૮થી ૯ લાખનો નફો, બાગાયતી અને નવીન કૃષિમાં કાઠું કાઢીને જિલ્લાના ખેડૂતો વિકાસ અને સમૃદ્ધિના માર્ગે

# વિકાસ સપ્તાહ ૨૦૨૫ - અમદાવાદ જિલ્લો, રાજ્ય સરકારની બાગાયતલક્ષી યોજનાઓએ અમદાવાદ જિલ્લાના ખેડૂતોને અવનવા કૃષિ પ્રયોગો માટે પીઠબળ પૂરુ પાડ્યું

। (માહિતી) અમદાવાદ ।

રાજ્યમાં વિકાસની વ્યાખ્યા હવે ઉદ્યોગો કે માળખાગત સુવિધાઓ સુધી સીમિત ન રહીને જમીન સાથે જોડાયેલા ખેડૂતોની આર્થિક ઉન્નતિમાં પણ રહેલી છે. રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી આવા ખેડૂતોની આર્થિક ઉન્નતિ અને સમૃદ્ધિ થકી અન્યોને પ્રોત્સાહિત કરવાનો અવસર છે. રાજ્યમાં પ્રાકૃતિક અને નવીન કૃષિનો વ્યાપ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. વધુ ને વધુ ખેડૂતો આજે ફળ પાકો, શાકભાજી પાકો અને નવીન કૃષિમાં સારા પરિણામો મેળવી રહ્યા છે. રાજ્ય સરકારની વિવિધ સહાય યોજનાઓ થકી આજે ખેડૂતો સમૃદ્ધિના શિખરો સર કરી રહ્યા છે.

રાજ્ય સરકારની બાગાયતલક્ષી યોજનાઓએ સાણંદના ચેખલાં ગામના ખેડૂત શ્રી જશુભા વાઘેલાને મધપાલન માટે પીઠબળ પૂરુ પાડ્યું છે. સરકારી યોજનાઓની સહાય અને ખેડૂતની દૃઢ ઈચ્છાશક્તિના સમન્વયથી ખેડૂતો સંઘર્ષથી સમૃદ્ધિ સુધીના સફળ પરિવર્તનનો વિકાસ જોઈ શકે છે એ જશુભાએ સાબિત કર્યું છે.

જશુભા વાઘેલાનો પરંપરાગત ખેતીનો સંઘર્ષ અને નવી દિશા

જશુભા વાઘેલા વર્ષો સુધી ઘઉં અને શાકભાજીની પરંપરાગત ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. જોકે, અસ્થિર આબોહવા અને ખેતીના ઊંચા ખર્ચને કારણે તેમની મહેનત પ્રમાણે તેમને સંતોષકારક નફો મળતો નહોતો.





આ આર્થિક સંઘર્ષના સમયગાળામાં જશુભાએ એક નવી દિશા શોધવાનું નક્કી કર્યું. તેમણે સરકારી વિભાગ દ્વારા ઉપલબ્ધ માહિતીનો સહારો લીધો અને બાગાયત ખાતા પાસેથી મધમાખી પાલન વિશે વિસ્તૃત માહિતી મેળવી. તેમણે ખાદી ગ્રામોદ્યોગમાંથી વિશેષ તાલીમ લઈને આ વ્યવસાયનો પાયો નાખ્યો.

સરકારી યોજનાકીય સહાયનું પીઠબળ: મધમાખી પાલનની મધુર સફળતા

જશુભાએ શરૂઆતમાં ૧૦ પેટીઓમાં નાનું રોકાણ કર્યું. પરંતુ, તેમના આત્મવિશ્વાસ અને બાગાયત વિભાગના સક્રિય સહયોગે તેમને ઝડપથી આગળ વધાર્યા. બાગાયત વિભાગની 'મધમાખી હાઈવ અને કોલોની યોજના' હેઠળ તેમને ૪૦ પેટીઓ ખરીદવા માટે ₹૮૦,૦૦૦ની મહત્વપૂર્ણ સહાય મળી, જે તેમના વ્યવસાય માટે એક ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ.

વ્યવસાયમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા આજે જશુભા વાઘેલા પાસે કુલ ૩૫૦થી વધુ મધમાખીના બોક્સ છે, અને તેમનો નાનકડો વ્યવસાય આજે એક લાભદાયી ઉદ્યોગ બની ગયો છે.

માધપાલનના વ્યવસાય થકી આર્થિક ઉન્નતિના આંકડા

- ઉત્પાદન: તેઓ દર વર્ષે સરેરાશ ૩,૫૦૦ થી ૪,૨૦૦ કિલો શુદ્ધ મધનું ઉત્પાદન કરે છે.

- વાર્ષિક નફો: મધ અને અન્ય આનુષંગિક ઉત્પાદનોના વેચાણ થકી તેમને વાર્ષિક ₹૮ થી ૯ લાખનો જંગી નફો મળે છે.

- આ નફો માત્ર તેમની આવક નથી, પરંતુ બાગાયત વિભાગની યોજનાની અસરકારકતા અને વિકાસ સપ્તાહના સંકલ્પને સાકાર કરતો જીવંત પુરાવો છે.

દ્વિમુખી લાભ: કુદરત અને સમુદાયનું કલ્યાણ

- જશુભા વાઘેલાની આ સાફલ્ય ગાથાનો લાભ માત્ર તેમને જ નહીં, પરંતુ સમગ્ર કૃષિ ક્ષેત્ર અને સમુદાયને મળી રહ્યો છે:

- ખેતીમાં વધારો: મધમાખી પાલનથી આસપાસની ખેતીમાં પરાગસંચય (Pollination) વધ્યું છે, જેના કારણે અન્ય પાકોના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આ રીતે, તેમનો ઉદ્યોગ અન્ય ખેડૂતો માટે પણ વિકાસનું એન્જિન બન્યો છે.

- સ્થાનિક રોજગાર: તેમણે સ્થાનિક યુવાનોને મધમાખી પાલન સંબંધિત કાર્યોમાં રોજગારની તકો પૂરી પાડીને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કર્યું છે.

જશુભા વાઘેલાની સફર અન્ય ખેડૂતોને પણ પરંપરાગત ખેતીની મર્યાદાઓમાંથી બહાર નીકાળીને, બાગાયત વિભાગની યોજનાઓનો લાભ લેવા અને આવક વધારવા માટે પ્રેરણા પૂરી પાડે છે. રાજ્ય સરકારની નીતિઓ હેઠળ મળતી માહિતી અને સહાય કેવી રીતે એક સામાન્ય ખેડૂતને આત્મનિર્ભરતાના શિખર સુધી પહોંચાડી શકે છે એની આ સાફલ્યગાથા સાબિતી આપે છે.

# ૫૦ બેઠકો માટે રાજી નથી કોંગ્રેસ, JMM એ પણ આપી દીધું અલ્ટિમેટમ

## મહાગઠબંધનમાં બેઠક વહેંચણીની વાટાઘાટો વચ્ચે લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી, તેજસ્વી યાદવ દિલ્હી રવાના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષો બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરી રહ્યા છે. આ દરમિયાન, બેઠકોની વહેંચણીને લઈને મહાગઠબંધનમાં તણાવ વધી રહ્યો હોય તેવું લાગે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરજેડીએ કોંગ્રેસને ૫૦ બેઠકો લડવાની ઓફર કરી હતી. જોકે, કોંગ્રેસ ૬૦ બેઠકો લડવા પર અડગ છે. વધુમાં, કોંગ્રેસે આગામી ૨૪ કલાકમાં આરજેડીને અલ્ટીમેટમ આપ્યું છે, જેમાં સીટ વહેંચણી અંગે અંતિમ નિર્ણય લેવાની માંગ કરવામાં આવી છે, નહીં તો તે પ્રથમ તબક્કા માટે તેના ઉમેદવારોની યાદી જાહેર કરશે.

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે નામાંકન દાખલ કરવાની અંતિમ તારીખ ૧૭ ઓક્ટોબર છે, પરંતુ કોંગ્રેસ અને આરજેડી વચ્ચે હજુ સુધી કોઈ સમજૂતી થઈ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરજેડીએ સ્પષ્ટ કર્યું છે કે ફક્ત ૫૦ કે તેથી ઓછી બેઠકો પર જ વાટાઘાટો થશે. આ દરમિયાન, કોંગ્રેસ ઓછામાં ઓછી ૬૦ બેઠકો ઈચ્છે છે. બંને પક્ષો વચ્ચેનો આ ઝઘડો હવે દિલ્હી પહોંચી ગયો છે, જ્યાં તેજસ્વી યાદવ રાહુલ ગાંધી સાથે મળીને ઉકેલ શોધી શકે છે.

મહાગઠબંધનમાં બેઠક વહેંચણીની વાટાઘાટો ચાલી રહી છે. લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી યાદવ આજે દિલ્હી જવા રવાના થશે. તેઓ "લેન્ડ ફોર જોબ કેસ" માં ૧૩ ઓક્ટોબરે રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થવાના છે. કોર્ટે તમામ આરોપીઓને રૂબરૂ હાજર રહેવાનો આદેશ આપ્યો છે. તેજસ્વી યાદવની દિલ્હી મુલાકાત માત્ર કાનૂની કારણોસર જ નહીં પરંતુ રાજકીય ઉકેલ શોધવા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) એ બિહારમાં પોતાનો હિસ્સો માંગ્યો છે. પાર્ટીએ જણાવ્યું છે કે જો ૧૫ ઓક્ટોબર સુધીમાં બેઠક વહેંચણીને અંતિમ સ્વરૂપ આપવામાં નહીં આવે, તો તે તેના ઉમેદવારોની યાદી જાહેર કરશે. જેએમએમએ ઝારખંડની સરહદે આવેલી બિહારમાં ૧૨ બેઠકો પર દાવો કર્યો છે. તેમાં તારાપુર, કટોરિયા, મણિહારી, ઝાઝા, બાંકા, ઠાકુરગંજ, રૂપૌલી, રામપુર, બનમાનખી,



### સીટ શેરિંગને લઈને મહાગઠબંધનમાં ડખો

જમાલપુર, પીરપૈંટી અને ચકાઈનો સમાવેશ થાય છે. ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં આરજેડીને સાત બેઠકો આપી હતી અને તેથી બિહારમાં પણ તે જ પ્રમાણમાં સન્માન ઈચ્છે છે. મહાગઠબંધનના સાથી પક્ષ વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી) ના વડા મુકેશ સાહની પણ નારાજ છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે ૧૪ નવેમ્બરે તેઓ એક એવી સરકાર બનાવશે જ્યાં સમાજના દરેક વર્ગને સન્માન અને અધિકારો મળશે. તેમની પોસ્ટમાં મહાગઠબંધન સરકારનો ઉલ્લેખ નહોતો, જેના કારણે રાજકીય અટકળોને વેગ મળ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મુકેશ સાહનીએ ૩૦ બેઠકોની માંગણી કરી છે અને ડેપ્યુટી સીએમ પદ માટે પણ પોતાનો દાવો રજૂ કર્યો છે. આનાથી ગઠબંધનના ટોચના નેતૃત્વ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેરાએ રાંચીમાં કહ્યું હતું કે બિહારમાં ગઠબંધન મજબૂત છે અને આરજેડી, કોંગ્રેસ અને જેએમએમ સાથે મળીને ચૂંટણી લડશે. તેમણે ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે ગૃહમંત્રી અમિત શાહ અસમર્થ છે અને ભાજપ ઘૂસણખોરીની રાજનીતિમાં વ્યસ્ત છે, જનતાને વાસ્તવિક મુદ્દાઓથી વિચલિત કરી રહી છે. ખેડાએ વક્ફ બિલ પર પણ પ્રતિક્રિયા આપતા કહ્યું કે કોઈપણ નિર્ણય તમામ પક્ષો સાથે વાત કર્યા પછી જ લેવો જોઈએ. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે નામાંકન દાખલ કરવાની અંતિમ તારીખ ૧૭ ઓક્ટોબર છે, પરંતુ કોંગ્રેસ અને આરજેડી વચ્ચે હજુ સુધી કોઈ સમજૂતી થઈ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આરજેડીએ સ્પષ્ટ કર્યું છે કે ફક્ત ૫૦ કે તેથી ઓછી બેઠકો પર જ વાટાઘાટો થશે. આ દરમિયાન, કોંગ્રેસ ઓછામાં ઓછી ૬૦ બેઠકો ઈચ્છે છે. બંને પક્ષો વચ્ચેનો આ ઝઘડો હવે દિલ્હી પહોંચી ગયો છે, જ્યાં તેજસ્વી યાદવ રાહુલ ગાંધી સાથે મળીને ઉકેલ શોધી શકે છે.

મહાગઠબંધનમાં બેઠક વહેંચણીની વાટાઘાટો ચાલી રહી છે. લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી અને તેજસ્વી યાદવ આજે દિલ્હી જવા રવાના થશે. તેઓ "લેન્ડ ફોર જોબ કેસ" માં ૧૩ ઓક્ટોબરે રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થવાના છે. કોર્ટે તમામ આરોપીઓને રૂબરૂ હાજર રહેવાનો આદેશ આપ્યો છે.

# બીજી ટેસ્ટમાં કુલદીપ યાદવનું શાનદાર પરફોર્મન્સ જોવા મળ્યું

## શાઈ હોપને સૌથી વધુ વખત આઉટ કરનાર બોલર બન્યો, ૫ વિકેટ ઝડપી બનાવ્યો મહારેકોર્ડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારતીય સ્પિનર કુલદીપ યાદવે દિલ્હી ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. ટેસ્ટના ત્રીજા દિવસે શાઈ હોપને આઉટ કરીને કુલદીપે એક અનોખો મહારેકોર્ડ પોતાના નામે કર્યો છે. કુલદીપ યાદવ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં શાઈ હોપને સૌથી વધુ વખત આઉટ કરનાર બોલર બની ગયો છે. કુલદીપ ટેસ્ટ અને વનડે (હૈં) બંને ફોર્મેટમાં ત્રણ-ત્રણ વખત હોપને આઉટ કરનાર વિશ્વનો પ્રથમ બોલર છે.

| બોલરનું નામ | વિકેટ |
|---|---|
| કુલદીપ યાદવ | ૬ |
| ટ્રેન્ટ બોલ્ટ | ૬ |
| બેન સ્ટોક્સ | ૬ |

આ વર્લ્ડ રેકોર્ડની સાથે જ કુલદીપ યાદવ આ વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર પણ બની ગયો છે. તેણે અત્યાર સુધીમાં ૩૪ વિકેટો ઝડપી છે.

૨૦૨૫માં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય વિકેટ લેનારા ભારતીય સ્પિનરો

| બોલરનું નામ | વિકેટ (ઈનિંગ્સ) |
|---|---|
| કુલદીપ યાદવ | ૩૪ (૧૭) |
| વરુણ ચક્રવર્તી | ૩૧ (૧૫) |
| રવિન્દ્ર જાડેજા | ૨૫ (૨૦) |
| અક્ષર પટેલ | ૨૦ (૧૯) |

મેચની વાત કરીએ તો, કુલદીપે વેસ્ટ ઈન્ડિઝની પ્રથમ ઈનિંગમાં અત્યાર સુધીમાં પાંચ વિકેટ લીધી હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૨૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેના પરિણામે ભારતને વેસ્ટ ઈન્ડિઝ પર ૨૭૦ રનની મજબૂત લીડ મળી છે.

કુલદીપ યાદવે ટેસ્ટ ક્રિકેટમાં પણ એક મહત્ત્વનો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે. તે ડાબા હાથના કાંડા સ્પિનર તરીકે સૌથી ઓછી મેચોમાં સૌથી વધુ પાંચ વિકેટ લેવાનો રેકોર્ડ ધરાવે છે.

ડાબોડી સ્પિનર દ્વારા સૌથી વધુ પાંચ વિકેટ (ટેસ્ટ)

| બોલરનું નામ | પાંચ વિકેટ (ટેસ્ટ મેચ) |
|---|---|
| કુલદીપ યાદવ | ૫ (૧૫ ટેસ્ટ) |
| જોની વોર્ડલ | ૫ (૨૮ ટેસ્ટ) |
| પોલ એડમ્સ | ૪ (૪૫ ટેસ્ટ) |

# મને વર્લ્ડ કપ જેવી મોટી ટુર્નામેન્ટમાં રમવાની તક મળશે, તો તે એક મહાન વાત હશે

## જાડેજાએ રોહિત શર્મા-વિરાટ કોહલીની જેમ ૨૦૨૭નો વર્લ્ડ કપ રમવાની અને જીતવાની ઇચ્છા વ્યક્ત કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

૧૯ ઓક્ટોબરથી શરૂ થનારી ઓસ્ટ્રેલિયા સામેની વનડે શ્રેણી માટે ભારતીય ટીમમાં સ્ટાર ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. જાડેજાએ આ બાબતે પોતાનું મૌન તોડ્યું છે. તેણે રોહિત શર્મા અને વિરાટ કોહલીની જેમ ૨૦૨૭નો વર્લ્ડ કપ રમવાની અને જીતવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. જાડેજાએ હજુ સુધી વનડેમાંથી નિવૃત્તિ લીધી નથી. તેથી વનડે ટીમમાંથી તેની ગેરહાજરી ઘણા પ્રશ્નો ઉભા કરે છે. જાડેજાએ જણાવ્યું હતું કે ટીમની જાહેરાત પહેલા તેનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

દિલ્હીમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની ટેસ્ટ મેચના બીજા દિવસની રમત પછી એક પ્રેસ કોન્ફરન્સમાં જાડેજાએ કહ્યું, "ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત થાય તે પહેલાં કેપ્ટન, કોચ અને પસંદગીકારોએ તેમની સાથે વાત કરી હતી અને તેમને જાણ કરી હતી કે તેમને ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં. મને બહાર રાખવા પાછળ કોઈ કારણ હશે."

જાડેજાએ ૨૦૨૭ હૈં વર્લ્ડ કપમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે કહ્યું, "જ્યારે પણ મને તક મળશે, ત્યારે હું ખુશ થઈશ કારણ કે હું તે કરવાનો પ્રયાસ કરીશ જે હું ઘણા વર્ષોથી કરી રહ્યો છું. જો મને વર્લ્ડ કપ જેવી મોટી ટુર્નામેન્ટમાં રમવાની તક મળશે, તો તે એક મહાન વાત હશે. દરેક વ્યક્તિ વર્લ્ડ કપ જીતવાનું સ્વપ્ન જુએ છે. છેલ્લી વખત, અમે તેને ભાગ્યે જ ચૂકી ગયા. જો અમે આ વખતે જીતીશું, તો અમે અમારા સપના પૂરા કરીશું."

ઋષભ પંતની ગેરહાજરીમાં, રવિન્દ્ર જાડેજાને વેસ્ટ ઈન્ડીઝ શ્રેણી માટે ટીમનો ઉપ-કેપ્ટન બનાવવામાં આવ્યો છે. પોતાની કેપ્ટનશીપ વિશે પૂછવામાં આવતા જાડેજાએ કહ્યું, "કેપ્ટનશીપ અને નેતૃત્વ વિશે વિચારવાનો સમય પૂરો થઈ ગયો છે. મારું ધ્યાન રમવા પર છે. હું વિકેટ અને પરિસ્થિતિઓ સાથે અનુકૂલન સાધું છું. જો વિકેટ બેટિંગ માટે હોય, તો હું બેટ્સમેન બનું છું; જો તે બોલિંગ માટે હોય, તો હું બોલર બની જાઉં છું."

# હાઈવે પર પોલીસે ચેકીંગ કર્યું, ગાડીમાંથી મળ્યા કરોડો રુપિયા

। (એજન્સી) સિવની, તા.૧૩ ।

મધ્ય પ્રદેશના સિવની જિલ્લામાં પોલીસ પર ગંભીર આરોપ લાગ્યો છે. આરોપ છે કે પોલીસે હવાલાના ૧ કરોડ ૪૫ લાખ રૂપિયાની રકમ લૂંટી લીધી. આ ઘટના સિવાનીના બંડોલ વિસ્તારમાં થઈ હતી. આ મામલામાં ૧ સબ ડિવિઝનલ પોલીસ અધિકારી સહિત કુલ ૧૦ પોલીસવાળાને સસ્પેન્ડ કરી દીધા છે.

આ ઘટના ૮-૯ ઓક્ટોબરની રાતે બની હતી. એક રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, જીર્ઢૈં પૂજા પાંડેના નેતૃત્વમાં દ્ગઉૐ-૪૪ પર ગાડીઓનું ચેકિંગ ચાલી રહ્યું હતું. આ દરમિયાન સિવની પોલીસને જાણકારી મળી કે એક વેપારી ગાડીમાં હવાલાના કરોડો રૂપિયા લઈને જઈ રહ્યા છે.

આ ગાડી કટનીથી નાગપુર જઈ રહી હતી. રાતના ૧થી ૨ વાગ્યાનો સમય હતો. મહારાષ્ટ્રના નંબરવાળી એક ગાડીને પોલીસે રોકવાનો ઈશારો કર્યો, પણ ગાડી રોકાઈ નહીં. તેના પર પોલીસે ગાડીનો પીછો કર્યો. આખરે સીલાદેહી વિસ્તારમાં વેપારીને ગાડી રોકવી પડી.

ગાડીનું ચેકિંગ થયું. પોલીસના જણાવ્યા અનુસાર તેમાં લગભગ દોઢ કરોડ રૂપિયા



હતા. પોલીસે પૈસાની સાથે વેપારીની પણ અટકાયત કરવાની હતી. આરોપ છે કે, પોલીસે આવું કર્યું નહીં, પણ આટલી મોટી રકમના પૈસા અંદરોઅંદર વહેંચી લીધા.

આરોપ છે કે પોલીસે વેપારીને કોઈ પણ કાનૂની કાર્યવાહી વિના જવા દીધો. તેના બીજા દિવસે સવારે એટલે કે ૯ ઓક્ટોબરના રોજ વેપારી પાછો પોલીસ સ્ટેશને આવ્યો અને રાતના સમયે બનેલી ઘટનાની ફરિયાદ નોંધાવી. વેપારીએ ચેકિંગમાં સામેલ પોલીસવાળા પર ૩ કરોડ રૂપિયા લૂંટી લેવાનો આરોપ લગાવ્યો.

# 'બ્લૂ સ્ટાર' મોટી ભૂલ હતી, ઇન્દિરા ગાંધીએ જીવ આપી ચૂકવવી પડી કિંમત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

કોંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે ઓપરેશન બ્લૂ સ્ટાર અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ઓપરેશન બ્લૂ સ્ટાર એક મોટી ભૂલ હતી, જેની કિંમત ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીને તેમના જીવન સાથે ચૂકવવી પડી. પૂર્વ ગૃહ અને નાણાં પ્રધાન પી. ચિદમ્બરમે હિમાચલ પ્રદેશના કસૌલીમાં ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં આ નિવેદન આપ્યું હતું. શનિવારે હિમાચલ પ્રદેશ ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં એક ચર્ચા દરમિયાન, કોંગ્રેસના નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે ઓપરેશન બ્લૂ સ્ટારને ભૂલ ગણાવી. તેમણે કહ્યું કે ઈન્દિરા ગાંધીએ આની કિંમત પોતાના જીવથી ચૂકવી.

તેમણે એમ પણ કહ્યું કે આ નિર્ણય તત્કાલીન વડા પ્રધાનનો એકલાનો નિર્ણય નહોતો, પરંતુ સંયુક્ત નિર્ણયનું પરિણામ હતો. તેમણે પંજાબમાં ખાલિસ્તાનની માંગણીના અંત વિશે પણ વાત કરી. ચિદમ્બરમ હિમાચલ પ્રદેશના કસૌલીમાં ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં પત્રકાર હરિન્દર બાવેજાના પુસ્તક "ધે વિલ શૂટ યુ, મેડમ" પર ઓપરેશન બ્લૂ સ્ટાર અને ત્યારબાદની પરિસ્થિતિ વિશે ચર્ચામાં ભાગ લઈ રહ્યા હતા. તેમણે ચર્ચા દરમિયાન આ નિવેદન આપ્યું હતું. પી. ચિદમ્બરમે કહ્યું કે ઓપરેશન બ્લૂ સ્ટાર કરવાનો નિર્ણય ઈન્દિરા ગાંધીનો એકલાનો નહોતો. તેમાં સેના, પોલીસ, ગુપ્તચર અને સિવિલ સર્વિસ સહિત દરેકનો સમાવેશ થતો હતો. આ નિર્ણય લીધા પછી જ, પરંતુ ઈન્દિરા ગાંધીને તેના માટે દોષી ઠેરવવામાં આવી રહ્યા છે, જે ખોટું છે.

તેમણે કહ્યું, "હું કોઈપણ લશ્કરી અધિકારીનો અનાદર નથી કરી રહ્યો, પરંતુ તે (બ્લૂ સ્ટાર) સુવર્ણ મંદિરને ફરીથી મેળવવાનો ખોટો રસ્તો હતો." થોડા વર્ષો પછી, અમે સેનાને બહાર રાખીને સુવર્ણ મંદિર પર કબજો મેળવવાનો સાચો રસ્તો બતાવ્યો. પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે આજે પંજાબમાં ખાલિસ્તાનની માંગ સંપૂર્ણપણે સમાપ્ત થઈ ગઈ છે.

# વેસ્ટ ઈન્ડિઝ ૨૪૮ રનમાં ઓલ આઉટ, ભારતે આપ્યું ફોલોઓન

## ભારત-વેસ્ટ ઈન્ડિઝ ટેસ્ટ શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ચાલી રહી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

ભારત-વેસ્ટ ઈન્ડિઝ ટેસ્ટ શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ચાલી રહી છે. આજે (૧૨ ઓક્ટોબર) મેચનો ત્રીજો દિવસ છે. વેસ્ટ ઈન્ડિઝની ટીમ પહેલા દાવમાં ૨૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. કુલદીપ યાદવે પાંચ વિકેટ લીધી હતી. ભારતે પહેલી ઈનિંગના આધારે ૨૭૦ રનની લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે ફોલોઓન લાગુ કર્યું છે. વેસ્ટ ઈન્ડિઝનો સ્કોર બીજી દાવમાં ૧૦ રનને પાર કરી ગયો છે અને તેણે કોઈ વિકેટ ગુમાવી નથી. તેજનારાયણ ચંદ્રપોલ અને જોન કેમ્પબેલ ક્રીઝ પર છે.

વેસ્ટ ઈન્ડિઝ તરફથી એલિક એથાનાસે સૌથી વધુ ૪૧ રન બનાવ્યા. વેસ્ટ ઈન્ડિઝના કોઈ પણ બેટ્સમેન અડધી સદી ફટકારી શક્યો નહીં. એન્ડરસન ફિલિપ (૨૪) અને જેડેન સીલ્સ (૧૩) એ અંતિમ ઓવરોમાં મહત્વપૂર્ણ રન બનાવ્યા, પરંતુ ફોલોઓન અટકાવી શક્યા નહીં.

ભારત તરફથી કુલદીપ યાદવે પાંચ વિકેટ લીધી, બીજા દિવસે એક અને ત્રીજા દિવસે ચાર. રવિન્દ્ર જાડેજાએ ત્રણ વિકેટ લીધી, બધી બીજા દિવસે. જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજે એક-એક વિકેટ લીધી. આ મેચમાં, ભારતીય ટીમે તેનો પ્રથમ દાવ ૫૧૮/૫ પર જાહેર કર્યો હતો. ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું અને અમદાવાદમાં રમાયેલી શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને એક ઈનિંગ્સ અને ૧૪૦ રનથી હરાવ્યું. આમ, શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦થી આગળ છે. ટીમ ઈન્ડિયા પ્લેઈંગ ઈલેવન : શુભમન ગિલ (કેપ્ટન), કેએલ રાહુલ, યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવીન્દ્ર જાડેજા, વોશિંગ્ટન સુંદર, નીતિશ કુમાર રેડ્ડી, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ.

વેસ્ટ ઈન્ડીઝ પ્લેઈંગ ઈલેવન : રોસ્ટન ચેઝ (કેપ્ટન), જોન કેમ્પબેલ, તેજનારાયણ ચંદ્રપોલ, એલિક એથેનાઝ, શાઈ હોપ, રોસ્ટન ચેઝ (કેપ્ટન), ટેવિન ઈમલાચ (વિકેટકીપર), જસ્ટિન ગ્રીવ્સ, જોમેલ વોરિકન, ખૈરી પિયી, એન્ડરસન ફિલિપ અને જેડેન સીલ્સ.

# દક્ષિણ અને પૂર્વ ભારતમાં વરસાદનું જોખમ વધારે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૩ ।

દિવાળી ૨૦૨૫ નજીક આવી રહી છે, અને લોકો જાણવા માંગે છે કે શું આ તહેવાર દરમિયાન વરસાદ પડશે. ઘણા રાજ્યોમાં દશેરા દરમિયાન વરસાદ પડ્યો હતો. લાંબા ગાળાની હવામાન આગાહી હંમેશા બદલાતી રહે છે, પરંતુ તાજેતરના હવામાન અહેવાલો દક્ષિણ અને પૂર્વ ભારતમાં વરસાદનું જોખમ વધારે હોવાનું દર્શાવે છે. જોકે, દિલ્હી અને કેટલાક અન્ય શહેરોમાં વરસાદ પડવાની શક્યતા ઓછી છે. જાણીએ ક્યાં રાજ્યોમાં પડી શકે છે વરસાદ તાજેતરના હવામાન આગાહી



મુજબ, દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ધીમે ધીમે પીછેહઠ કરી રહ્યું છે. જોકે, આગામી દિવસોમાં દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. ૧૧ ઓક્ટોબરના રોજ જાહેર કરાયેલા હવામાન બુલેટિનમાં જણાવાયું હતું કે ઉત્તર ભારતમાં હવામાન મોટે ભાગે શુષ્ક રહેશે, જ્યારે ઘણી ચક્રવાતી સિસ્ટમો દક્ષિણમાં વરસાદ લાવશે. આનો અર્થ એ છે કે દેશના વિવિધ ભાગોમાં હવામાન નોંધપાત્ર રીતે બદલાશે. હિન્દમહાસાગરમાં સર્જાયેલી સિસ્ટમ અરબી સમુદ્રમાં આગળ વધશે તો દક્ષિણ ગુજરાતમાં છૂટછવાયો વરસાદ અને વાદળછાયા વરસાદની આગાહી છે. એટલે કે ૧૮, ૧૯ ઓક્ટોબરે વાતાવરણમાં પલટો આવે તેવી શક્યતા જોવા મળી રહી છે. હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી, ઉત્તરાખંડ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ જેવા ઉત્તરપશ્ચિમ ભારતના રાજ્યોમાં હવામાન સામાન્ય રીતે શુષ્ક રહેવાની ધારણા છે, અને કોઈ મોટી ચેતવણી જાહેર કરવામાં આવી નથી. વર્તમાન આગાહી મજબૂત સિસ્ટમ્સનો સંકેત આપતી નથી. તેથી, દિવાળી પર દિલ્હીમાં વ્યાપક ભારે વરસાદની શક્યતા ઓછી છે. જો કે, ઓક્ટોબર એક સંક્રમણ ઋતુ છે, અને પશ્ચિમી વિક્ષેપ ક્યારેક અચાનક વરસાદ લાવી શકે છે. તેથી, હળવા અથવા ટૂંકા ગાળાના વરસાદની શક્યતા સંપૂર્ણપણે નકારી શકાય નહીં.

**નામ બદલેલ છે**

હું મહંમદરફીક ઈમામઅલી સૈયદ મારુ નામ મારા ઘરના વડીલ દ્વારા શરતચુકથી જન્મના દાખલામાં મહંમદહનીફ લખાવી દીધેલ હતુ જે અમારા ઘરના વડીલ દ્વારા બદલીને મહંમદરફીક કરેલ છે.

એડ્રેસ: 2059, સૈયદવાડા, રામોલ-4, રામોલગામ, અમદાવાદ-382449.

# રાત્રે ૮ થી ૧૦ દરમિયાન ફટાકડા ફોડી શકાશે

## દિવાળીએ ગુજરાત સરકારનો મોટો નિર્ણય, રાજ્યમાં ચાઈનીઝ સહિતના વિદેશી ફટાકડા પર પ્રતિબંધ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૩ ।

ગુજરાત સરકારે દિવાળી પહેલા મોટો નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટના આ દેશને પગલે રાજ્ય સરકારે વિદેશી કે ચાઈનીઝ ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેર જગ્યાઓ ઉપર પણ ફટાકડા નહીં ફોડી શકાય એ પ્રકારની ગાઈડલાઈન જાહેર કરી છે. રાજ્યમાં આ દિવાળીએ ચાઈનીઝ ફટાકડાનું વેચાણ નહિ કરી શકાય. સુપ્રીમ કોટ-ના આદેશ બાદ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. વિદેશથી ફટાકડાની આયાત પણ નહીં કરાવી શકાય. સુપ્રીમ કોર્ટે ભારે ઘોંઘાટ કરતા ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેરમાં ફટાકડા ન ફોડવા મુદ્દે પણ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે મુજબ, રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. રાજ્યમાં આ દિવાળીએ ચાઈનીઝ ફટાકડાનું વેચાણ નહિ કરી શકાય. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ રાજ્ય સરકારે નિર્ણય લીધો છે. વિદેશથી ફટાકડાની આયાત પણ નહીં કરાવી શકાય. સુપ્રીમ કોર્ટે ભારે ઘોંઘાટ કરતા ફટાકડા પર પ્રતિબંધ મૂક્યો છે. જાહેરમાં ફટાકડા ન ફોડવા મુદ્દે પણ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે. જે મુજબ, રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન જ ફટ-ાકડા ફોડી શકાશે.

દિવાળી દરમિયાન જાહેરમાં ફટ-ાકડા ફોડવા બાબતે સૂચનાઓ જાહેર કરાઈ છે. ગૃહ વિભાગે જાહેરમાં ફટા-કડા ફોડવા બાબતે સૂચનાઓ જાહેર કરી છે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ નિશ્ચિત સમયમાં જ ફટાકડા ફોડી શકાશે. રાત્રે ૮ થી ૧૦ દરમિયાન ફટાકડા ફોડી શકાશે. વધુ ઘોંઘાટ કરતા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકાયો છે. તેમજ ફટાકડા ઈ કોમર્સ વેબસાઈટ પર પણ વેચાણ નહિ થઈ શકે.

સરકારની શું છે ગાઈડલાઈન

૧. સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એનિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયનાં તમામ પ્રકારનાં ફટાકડાનાં ઉત્પાદન અને વેચાણ પર નામ.સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વા-સ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતાં બાંધેલા ફટાકડા પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૩. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ સુપ્રિમ કોર્ટનાં આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ પેચાણ કરવાનું રહેશે.

૪. ઉપરાંત તમામ - કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારનાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

૫. ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે

૬. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રે ૮.૦૦ થી ૧૦.૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩.૫૫ કલાકથી ૦૦.૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

સુપ્રિમ કોર્ટના ઉક્ત આદેશ અન્વયે ગૃહ વિભાગનાં તા.૦૩/૧૧/૨૦૧૮નાં પરિપત્રથી દિવાળી તથા અન્ય તહેવાર-ો તેમજ ક્રિસમસ અને નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન રૂટાકડા ફોડવા સંબંધમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટ/પોલીસ ક્મિશનર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો બહાર પાડવામાં આવે છે.

## દિવાળીની ખુશીઓ પર કમોસમી વરસાદનું વિઘ્ન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

દિવાળીની ખુશીઓ પર કમોસમી માવઠાનું વિઘ્ન સર્જાઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં તાપી, ડાંગ, સુરત, વલસાડ અને નવસારીમાં માવઠાની આગાહી છે. બીજી તરફ અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં પણ વરસાદી માહોલ છવાઈ શકે છે. હવામાન વિભાગ અનુસાર ૧૭થી ૨૦ ઓક્ટોબર દરમિયાન છૂટોછવાયો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે આગામી દિવસોમાં રાજ્યનું હવામાન કેવું રહેશે, તે અંગે માહિતી આપી હતી. ૧૭ ઓક્ટોબર: દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના છે. રાજ્યના બાકીના જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેવાની સંભાવના છે. ૧૮ ઓક્ટોબર: સૌરાષ્ટ્રના જિલ્લાઓ અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ તથા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા અને નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદ, ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા વ્યક્તિની હાલત કથળી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૩ ।

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા એકમાત્ર વ્યક્તિની હાલત એટલી હદે કથળી ગઈ છે કે, તે મૌનમાં ડૂબી ગયો છે. બચી જવાની ખુશી કરતા, કેમ બચી ગયો તેનો આઘાત ફરી વળ્યો છે. તેના સ્વજનોએ આઘાત પામેલા વિશ્વાસની વાત જણાવી. ૧૨ જૂન, ૨૦૨૫ ના રોજ, એર ઈન્ડિયાના વિમાનમાં સવાર ૨૪૨ મુસાફરોમાંથી વિશ્વાસ કુમાર એકમાત્ર બચી ગયો હતો. હવે, ચાર મહિના પછી, વિશ્વાસ સાથે વાત કરવી લગભગ અશક્ય છે. આવામાં વિશ્વાસ કુમારની હાલની સ્થિતિ અંગે અહેવાલ સામે આવ્યો છે. ૧૨ જૂન અમદાવાદ પ્લેન ક્રેશના બે વીડિયો વાયરલ થયા હતા. પહેલા વીડિયોમાં એક વિમાન ઉડાન ભરતું દર્શાવવામાં આવ્યું હતું, જે થોડી ક જ સેકન્ડોમાં અચાનક એક ઈમારત સાથે અથડાયું અને આગમાં ભડથુ થઈ ગયું હતું.

## કળિયુગ આવ્યો! બીજી પત્નીએ વૃદ્ધ પતિને જીવતા સળગાવી દીધા

। (પ્રતિનિધી) કચ્છ, તા.૧૩ ।

કચ્છના ભુજમાં ચોંકાવનારો બનાવ બન્યો છે. ભુજ સામત્રા ગામે ૬૦ વર્ષના વૃદ્ધને તેની પત્નીએ જીવતા સળગાવ્યા હતા. દોઢ વર્ષ અગાઉ મહિલા સાથે વૃદ્ધએ બીજા લગ્ન કર્યા હતા. પતિએ રૂપિયા ન આપતા પત્નીએ કેરોસીન છાંટી જીવતો સળગાવી દીધો. દાઝી ગયેલા વૃદ્ધ ધનજી કેરાઈનું સારવાર દરમિયાન મોત થયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ૬૦ વર્ષીય ધનજીભાઈ કેરાઈના પહેલી પત્નીનું ચાર વર્ષ પહેલા નિધન થયું હતું. તેમને સંતાનમાં ત્રણ દીકરા છે. દોઢ વર્ષ અગાઉ તેમણે મહેસાણા જિલ્લાના હીરપુરામાં રહેતી ૪૦ વર્ષીય કૈલાશ ચૌહાણ સાથે બીજા લગ્ન કર્યા હતા. બંને લગ્ન બાદ સામત્રા ગામમાં સાથે રહેતા હતા. તો બીજી તરફ, કૈલાશ ચૌહાણને પ્રથમ પતિ સાથે લગ્ન જીવન દરમિયાન તેને સંતાન પ્રાપ્તિ ન થઈ હોવાથી તેની સાથે લગ્ન જીવન તોડી નાંખ્યા હતા. જે બાદ મેરેજ બ્યુરો મારફતે સામત્રાના વૃદ્ધ સાથે પરિચય થયો અને લગ્ન કર્યા હતા.

બીજી પત્ની કૈલાશે ધીરે ધીરે પતિ પાસેથી વિવિધ વસ્તુઓના નામે રૂપિયા અને સોનું પડાવવાની શરૂઆત કરી હતી. પહેલી પત્નીના ૧૮ તોલાના સોનાના દાગીના મંગળસુત્ર, પાટલા, કંઠી અને વીંટીઓ પડાવી લઈ પોતાની પાસે રાખી લીધા હતા.વૃદ્ધ પતિ તેની પાસે દાગીના માંગતા ત્યારે આપવાની ના પાડી ઝઘડો કરતી અને મારી નાખવાની ધમકી પણ આપતી હતી. આમ, કૈલાશની રૂપિયાની માંગણી ધીરે ધીરે વધી રહી હતી, જેથી ધનજીભાઈ કંટાઈ ગયા હતા. રૂપિયા માટે કૈલાશ પતિ સાથે અવારનવાર ઝગડો કર્યા કરતી હતી.

### પ્રિન્સીપાલ પણ પાર્ટીમાં હતા

## સુરતમાં શાળામાં ગેટ ટુ ગેધરના નામે નોન-વેજ પાર્ટીથી વિવાદ

। (પ્રતિનિધી) સુરત, તા.૧૩ ।

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં ગેટ ટુ ગેધરના નામે નોનવેજ પીરસવામાં આવતા વિવાદ ઊભો થયો છે. ગોડાદરાની શાળામાં મંજૂરી વિના જ બિન શા-કાહારી ભોજન પીરસાયું છે. સમગ્ર શિક્ષણ જગતને આંચકો આપનારી આ ઘટનાને પગલે શાળાના આચાર્ય, નિરીક્ષક સીઆરસી, યુઆરસી સહિત પાર્ટીમાં હાજર શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ વિરુદ્ધ તાત્કાલિક ધોરણે પગલાં લઈ સસ્પેન્ડ કરવાની માંગણી ઊઠી છે, ત્યારે સમગ્ર મામલે ઈન્ચાર્જ આચાર્યને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સમિતિના ભાજપના એક સભ્યએ બચાવવા માટે ભારે ધમપછાડા કર્યા હોવાનું સામે આવ્યું છે. સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલી શાળા ક્રમાંક નં.૩૪૨, પંડિત દીનદયાળ ઉપાધ્યાય શાળામાં ગત રવિવારે (૧૨ ઓક્ટોબર) રજાને દિવસ ગેટ ટુ ગેધરનું આયોજન કરાયું હતું. શાળા બહાર તેલુગુ ભાષામાં બેનર લાગ્યું હતું. જેમાં વર્ષ ૧૯૮૭થી ૧૯૯૧ બેચના પૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ એવું લખેલું હતું. આ સ્નેહ મિલન સમારોહમાં ટેબલ ખુરશી મુકી રીતસરનો જમણવાર યોજાયો હતો. જેમાં નોનવેજ વાનગીઓ પીરસવામાં આવતા વિવાદ સર્જાયો હતો. સમગ્ર મામેલ સુરેશ સુહાગીયા નામના વ્યક્તિના આક્ષેપથી ખળભળાટ મચી ગયો છે. આચાર્યના નાક નીચે થયેલા નોનવેજ વાનગીના જમણનો વીડિયો સામે આવતા શિક્ષણના નામે થઈ રહેલા વિવિધ વેપારથી સમિતિની આબરૂના લીરેલીરા ઉડયા છે. આ પાર્ટીમાં શાળાના ઈન્ચાર્જ આચાર્ય પ્રભાકર એળીગીટી પણ હાજર હતા અને તેમની સાથે અન્ય લોકો પણ હતા. આ ઘટના બહાર આવતા ઈન્ચાર્જ આચાર્યને બચાવવા માટે ભુતકાળમાં કેટલાક વિવાદમાં સંડોવાયેલા શિક્ષણ સમિતિના એક સભ્યએ પ્રયાસ શરૂ કર્યા છે. જોકે, સમિતિની શાળામાં મંજૂરી વિના નોનવેજ પાર્ટીના કારણે ભારે ઉહાપોહ થતાં શાળાના આચાર્ય, નિરીક્ષક તરીકે જવાબદારી સંભાળતા સીઆરસી, યુઆરસી સહિત ગેટ ટુ ગેધરમાં હાજર રહેનારા શાળાના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ વિરુદ્ધ શિક્ષા-ત્મક કાર્યવાહી કરવા માંગણી ઊઠી હતી.

## દીવડાઓ દિવાળીના દિવસે કાશીના ગંગા ઘાટને કરશે પ્રજવલિત

। (એજન્સી) વડોદરા, તા.૧૩ ।

દિવાળીના તહેવારની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ તહેવારને આડે બસ હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે બાકી ત્યારે કાશીના ગંગા ઘાટ પર લાખો દિવાઓ પ્રગટાવી દિવાળીના ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણીમાં ગુજરાતની મહિલાઓ પણ તેમનું યોગદાન આપી રહી છે. કાશીના ગંગા ઘાટ માટે વડોદરાના ડભોઈમાં આવેલ ઉમ્મીદ સેન્ટરની મહિલાઓને દિવાઓ તૈયાર કરી રહી છે કાશીના ગંગા ઘાટ માટે આ મહિલાઓ ત્રણ લાખ જેટલા દિવડાઓ તૈયાર કરવાની છે. ત્યારે મહિલાઓને રોજગારી પણ મળી રહેશે અને ધાર્મિક કાર્યમાં સહભાગી બન્યાનો આત્મસંતોષ પણ મળશે. એકતરફ સનાતન સંસ્કૃતિની પાવન ગંગા અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન એકસાથે ઝળહળશે. ઉલ્લેખનીય છે કે મહિલાઓ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી આ કામગીરી કરાઈ રહી છે. જે સંપૂર્ણ રીતે કુદરતી વસ્તુમાંથી તૈયાર કરવામાં આવે છે.

